Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

જુલાઈ ૨૦૨૦ * વર્ષ ૩૫ * અંક ૪




આજ છે સાકાર ભગવન પ્રગટ મળ્યા `સાહેબ`માં,
છે ગુણાતીત સંત આ ભગવા હૃદયના ભેખમાં...
એવા ગુરુવર પ્રેમમૂર્તિ સાહેબજીને ગુરુપૂર્ણિમાએ ભક્તિભરી વંદના !

# સદ્ગુરુ 'સાધુરામ' પરમ પૂજ્ય અશ્વિનદાદા !














**સદ્‌ગુરુ 'સાધુરામ'** પરમ પૂજ્ય અશ્વિનદાદાને તેઓના પ્રાગટ્યમંગલે ભાવભર્યાં શત શત કોટિ વંદન !

આપણને સૌને સત્સંગની કથા-વાર્તા દ્વારા ખ્યાલ છે તે પ્રમાણે સ્વયં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ પરમ પૂજ્ય અશ્વિનદાદાને 'સાધુરામ' કહી વ્હાલથી સંબોધતા ! એ સમયે તો આ સાધુરામ એક વિદ્યાર્થી, યોગીબાપાની અંગત સેવામાં સમર્પિત એક યુવાન હતા ! એવા સમયે સૌની દૃષ્ટિમાં એક સામાન્ય જણાતા સેવકની આધ્યાત્મિક સ્થિતિનાં દર્શન કરાવતું સંબોધન 'સાધુરામ' ગુરુદેવ યોગીજી મહારાજે પૂજ્ય અશ્વિનદાદા માટે પ્રયોજ્યું.

અધ્યાત્મસાધનાનો મહત પડાવ તે સાધુ અને મહત્તમ સિદ્ધિ તે સાધુતા ! સાધુ થાવું અને સાધુતા સહજ જીવવી-આ બે સ્થિતિની યાત્રા એ તો વિરલ, દિવ્ય અને અલૌકિક અધ્યાત્મયાત્રા છે. સાધુતા સહજ જિવાય ત્યાં 'રામ' પ્રગટ થાય. સર્વત્ર 'રામ' જોવાય, અનુભવાય, જિવાય અને રામમય, રામરૂપ હોવાય ! એવી સાધુતાને જીવતા રામમય સાધુ તે 'સાધુરામ'.

સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદાના સંબંધ પામનાર પ્રત્યેક જીવનને તેઓમાં પ્રગટ આવા 'સાધુરામ'નાં દર્શન-અનુભવ થયાં છે. સંભવ છે એ દર્શન-અનુભવ જ્ઞાનેન્દ્રિયોની અનુભૂતિથી પર હોય; પરંતુ પૂજ્ય અશ્વિનદાદાના સંબંધ, સંપર્ક અને સત્સંગમાં વિતાવેલી પ્રત્યેક પળ તેઓના હૃદયમાંથી વહેતી કરુણા, પ્રેમ અને સુહૃદભાવની અમૃતત્રિવેણીની દિવ્યતાના અનુભવ કરાવે છે.

પૂજ્ય અશ્વિનદાદાની જીવનયાત્રા અને જીવનપ્રસંગો પણ કેવાં અસામાન્ય અને અલૌકિક છે ! એ પ્રસંગો પૂજ્ય અશ્વિનદાદાના દિવ્ય સ્વરૂપનાં જ્યાં દર્શન કરાવે છે; તો સાથે સાથે, ગુરુવર્ય સંતભગવંત સાહેબદાદાની દિવ્ય મૈત્રીમાં નિહિત પ્રેમની પરાકાષ્ટાનાં દર્શન પણ કરાવે છે ! અને વળી, સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોની જીવનયાત્રા બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના સામર્થ્યની ગાથારૂપ છે ! વિશ્વના અને સવિશેષ ભારતીય આધ્યાત્મિક ઈતિહાસમાં મિત્ર-ગુરુ-શિષ્યની આવી અધ્યાત્મયાત્રા અને આવાં દિવ્ય સામર્થ્યની ગાથા અજોડ અને અદ્વિતીય છે !

આપણે સૌ કેવાં ભાગ્યશાળી છીએ કે, આપણા આવા અદ્વિતીય, અજોડ દિવ્ય સત્પુરુષોનો સંબંધ થયો, તેઓએ આપણો બિન-શરતી સ્વીકાર કર્યો, આપણને તેઓના દિવ્ય પ્રેમની ગંગાને અકારણ પ્રાપ્ત કરાવી અનુભવ કરાવ્યા ! આ સમય શ્રેષ્ઠ છે અને તે વહી રહ્યો છે - એ એળે ન જાય તેની જાગ્રતતા કેળવીએ. આપણા જીવનઝરણાના પ્રવાહને આ દિવ્ય સત્પુરુષો રૂપી અમૃતગંગા પ્રતિ અભિમુખ રાખીએ - સહજ વહેતા વહેતા તેઓમાં ભળી જઈએ. મનુષ્ય જીવનની આ જ સાર્થકતા છે !

સદ્‌ગુરુ સાધુરામ પરમ પૂજ્ય અશ્વિનદાદાના પ્રાગટ્યમંગલે આપણા સૌની આ પ્રાર્થના તેઓની કૃપા અને આશીર્વાદથી સાકાર થાઓ તેવી અભ્યર્થના ! ◆



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪ :
'ભાગવત ધર્મના પોષણનું'નું નિરૂપણ,
૧૬ એપ્રિલ ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી

**મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં જનક રાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવત ધર્મ તેનું જે પોષણ તે કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય ?'**

જનક રાજા બહુ મુમુક્ષુ હતા. એમને વિદેહી કહેતા. અષ્ટાવક્ર એમના ગુરુ હતા. સંતો માટે, ભક્તો માટે એમના હૃદયમાં આગવું સ્થાન હતું. એટલે કોઈ પણ સંતો આવે તો એમના સમાગમમાં તેઓ રચ્યાપચ્યા રહે.

નવ યોગેશ્વર. બાપાએ મહંત સ્વામી સાથે આઠ યુવકોને સફેદ કપડાંમાં દીક્ષા આપી અને તેઓને ઘાટકોપર એક આશ્રમમાં ભણવા માટે મૂક્યા હતા. કડક નિયમ-ધર્મવાળા હતા એ આશ્રમના લોકો. ત્યારે બાપા મુંબઈ મંડળને પત્રમાં લખતા કે, 'નવ યોગેશ્વરોની સેવા કરજો.' દાદર મંદિરે સંતોને રાખ્યા તો બાપા એમને 'યોગેશ્વરો' કહેતા. એવા નવ યોગેશ્વરોની સાથે જનક રાજાને વાર્તાલાપમાં પ્રશ્ન થયો કે, 'ભાગવત ધર્મનું પોષણ કેમ થાય ? અને જીવને મોક્ષનું દ્વાર તે ઉઘાડું કેમ થાય ?'

ભાગવત ધર્મ એટલે પ્રભુપ્રાપ્તિનો ધર્મ. ભગવાનની પ્રાપ્તિ જે દ્વારા થાય, જે દ્વારા પ્રભુમય બનાય, એવો જે ધર્મ એ ભાગવત ધર્મ; એનું પોષણ કેમ થાય ? અને જીવને મોક્ષનું દ્વાર એ ઉઘાડું કેમ થાય ? એ પ્રશ્ન પૂછ્યો મુક્તાનંદ સ્વામીએ.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે.'**

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ યુક્ત જે એકાંતિક સાધુ, એમના સંગથી નહીં-એમના પ્રસંગથી મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. પ્રસંગ ક્યારે થાય ? આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય ત્યારે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ !

ધર્મ એટલે સ્વધર્મ ! કયો એ ધર્મ ? કોઈનો સ્વામિનારાયણ ધર્મ, કોઈનો વૈષ્ણવ ધર્મ, એ તો છે જ. ગૃહસ્થોને ગૃહસ્થોના ધર્મ, સંન્યાસીને સંન્યાસીના ધર્મ. પછી ચાર વર્ણ પ્રમાણે – બ્રાહ્મણનો ધર્મ, ક્ષત્રિયનો ધર્મ, વૈશ્યનો ધર્મ, શૂદ્રનો ધર્મ. પોતપોતાને જે કારોબાર કરવાનો એ પણ ધર્મ છે.

પણ સ્વધર્મ કયો ? આપણો જે ગોલ, એ સ્વધર્મ ! ભગવાનમાં સ્થિર રહેવું, કે તાં ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ આપણો મોટામાં મોટો ધર્મ. આ દેહે કરીને ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ એમાં પેલું બધું આવી ગયું. તો જેને ભગવાનને રાજી કરવાની હૈયામાં હામ છે, ભાવ છે ને ભગવાનમાં સ્થિર છે તે સ્વધર્મ. અસ્થિર ક્યારે થયો ? અમહિમા, ભાવફેર, માથાકૂટ થાય તો અસ્થિર થયો. ભગવાન ને ભગવાનના ભક્તોને નિર્દોષ ને દિવ્ય માન્યા અને પ્રભુના દૃઢ આશરે રહ્યા એ સાચો ધર્મ છે.

જ્ઞાન ! જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર એ માનવરૂપે વિચરતા ભગવાનના સ્વરૂપને ઓળખવું તે. બાકી તમે જુઓ તો અનંત પ્રકારનાં જ્ઞાન છે. શાસ્ત્રોનું જ્ઞાન, યોગનું જ્ઞાન, સાંખ્યનું જ્ઞાન. 'શ્રીમદ્ ભાગવત'ની અદ્ભુત કથા કરે, 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' મોઢે હોય એને આપણે જ્ઞાની કહીએ. પણ, સર્વ જ્ઞાનમાં શ્રેષ્ઠ જ્ઞાન અને સ્વામિનારાયણ ભગવાને જેને જ્ઞાન કહ્યું છે એ કે, માનવરૂપે વિચરતા ભગવાનના પ્રગટ સ્વરૂપને ઓળખવું એ જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર એ.

વૈરાગ્ય ! ભગવાન ને ભગવાનના સંબંધવાળા સિવાય કોઈનો ભાર ના પડે એ સાચો વૈરાગ્ય. વૈરાગ્યની સામાન્ય વ્યાખ્યા શું હોય છે ? આ બહુ વૈરાગી છે, એને કશું ના જોઈએ. ખાય છે એક જ ટાઈમ. લંગોટીભેર જ રહે છે. ઘરમાં રહેતા નથી, ઝાડ નીચે સૂઈ જાય છે, સ્મશાનમાં રહે છે. ભભૂતી ચોળીને રહે છે. આ બધી વૈરાગ્યની વ્યાખ્યા છે. અને સાંખ્ય ! જગતમાંથી જેને રસ ઊડી ગયો હોય, બાવા- ફકીરની જેમ ફરે એને કહે 'વૈરાગી'. એ સામાન્ય વૈરાગ્ય છે, પણ સાચો વૈરાગ્ય સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં બતાવ્યો. ભગવાન ને ભગવાનના ભક્તો સિવાય કોઈ જગ્યાએ રાગ નહીં, એ સાચો વૈરાગ્ય ! યાદ રાખો.

ભક્તિ ! હું જે કંઈ પણ કરું છું તે પ્રભુને રાજી કરવા કરું છું. ભગવાનને રાજી કરવા કરેલું કર્મ એ શ્રેષ્ઠ ભક્તિ છે. બાકી પૂજા કરે, મંદિરે જાય, સેવા કરે ; એ ભક્તિ છે, પણ તેમાં માહાત્મ્ય જ્યારે ભળે ત્યારે એ માહાત્મ્યસોતી ભક્તિ કહેવાય ! 'અહોહો ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે, આ ઠાકોરજીની સેવા મને મળી ! ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે, આ ભક્તોના સાંનિધ્યમાં બેસીને મને જીવન જીવવાનું મળ્યું ! ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે, આવા સંતોની વાતો સાંભળવા મળી ! ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે, આ ભક્તોની સેવા મને મળી !' આવું ભગવાનને રાજી કરવા માટે મહિમાથી કરેલું જે કાર્ય-કર્મ એ માહાત્મ્યસહિત ભક્તિ કહેવાય. ભક્તિમાં આવું માહાત્મ્ય ના હોય તો સમય જતાં એ ભક્તિ ક્રિયાકાંડ બની રહે છે.

આ ચારેચાર તમે જુઓ તો આપણા સંતોમાં દેખાય. યોગીજી મહારાજને તમે જુઓ તો ગમે એવું બને પણ પૉઝિટિવ જ. બાપા પોતાના મુકામમાં અચળ હતા. કોઈએ કહ્યું કે, 'બાપા, મને જ્યોતિષી એમ કહે છે કે, શનિ નડે છે.' બાપા કહે, 'એ ગ્રહોનાં જ ઠેકાણાં નથી. કોઈ લંગડો છે, કોઈ આંધળો છે, કોઈ બહેરો છે ; એમનું જ ઠેકાણું નથી તે તમને શું નડવાના છે ?' કોઈ કશું નડતું નથી, કોઈ અપશુકન નથી- શુકન જ છે. બધાને વિશે બાપાને સારો ભાવ, પછી એમને ગાળ ભાંડનાર આવે, અપમાન કરનાર આવે, એમનું નહીં માનનાર આવે ; એ સર્વને વિશે બાપાને સારો જ ભાવ, એ મુકામ ! પોતાના પ્રભુમાં જ સ્થિર રહ્યા. કર્તાહર્તા મારા પ્રભુ છે, તો બીજો કોઈ શું કરતો હતો ? કર્તાહર્તા પ્રભુ હોય તો બધું એમનું ધાર્યું થાય છે, એમની ઈચ્છાથી થાય છે. સર્વમાં પ્રભુ જ જોવા. બાપા સર્વને પ્રભુરૂપ જોતા, એ એમનો ધર્મ હતો - સ્વધર્મ ! એમાં બાપા એકદમ સ્થિર ! સદાય હસતા, આનંદ કરતા અને કરાવતા. એટલે જ બાપા આપણને સૌને પ્રભુરૂપ લાગતા.

જ્ઞાન ! શાસ્ત્રીજી મહારાજ અને સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈ વાત જ નહીં. અને 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન સિવાય કોઈ કાર્ય નહીં. કંઈપણ થાય તો બાપા કહે, 'કરો ધૂન.' ભગવાનને જ ઉપાયભૂત કરે, એ જ્ઞાન ! શાસ્ત્રીજી મહારાજ સાકાર અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ છે, એમને રાજી કરવા એ મારું જીવન છે, એ જ્ઞાન !

વૈરાગ્ય ! તમે જુઓ તો યોગીબાપા ધામધૂમથી બધા ભક્તોને દૂધપાક, માલપૂડા, લાડુ જમાડે. બાપા કહેતા, 'ઠઠારો કરવો.' બાપા બધાને ગોળ ગોળ કરી દે, પણ પોતે કાંઈ જમે નહીં. અમે બાપા સાથે રહ્યા, યોગીજી મહારાજની હાજરીમાં, એમની સભામાં કોઈ પોલિટિશિયન ના હોય, નંદાજી સિવાય કોઈ મિનિસ્ટર ના હોય. નંદાજી તો ભક્ત હતા. ભગવાનના ભક્ત સિવાય બાપાને કોઈ ઊડતો આવે તો પણ એનો ભાર નહીં. બાપાને સ્વામિનારાયણ ભગવાનની અને શાસ્ત્રીજી મહારાજની વાતો સિવાય કોઈ વાતમાં રસ નહીં. એ સાચો વૈરાગ્ય !

ભક્તિ તો બાપાની ! દાદા આઠવલેજીએ કહ્યું કે, 'શ્રીમદ્ ભગવદ્ ગીતામાં' શ્રીકૃષ્ણ પરમાત્માએ જે ભક્તિની વાતો કરી છે, એ તમારે સમજવી હોય તો યોગીજી મહારાજનું જીવન જોઈ લો !' પળે-પળે, સૅકન્ડે-સૅકન્ડે એમના દરેક વર્તનમાં ભક્તિ નીતરે.

બાપા આવા હતા તો અક્ષરરૂપ - અખંડ ભગવાન એમનામાં હતા એટલે અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ હતા. એમણે આ સંતો ઉપર કૃપા વરસાવી. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ. ને મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રમુખ સ્વામી, ગુરુજી,

ભાગવત ધર્મ એટલે
પ્રભુપ્રાપ્તિનો ધર્મ.
ભગવાનની પ્રાપ્તિ જે દ્વારા થાય,
જે દ્વારા પ્રભુમય બનાય,
એવો જે ધર્મ એ ભાગવત ધર્મ !





ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ યુક્ત
જે એકાંતિક સાધુ,
એમના પ્રસંગથી
મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

કાકાજી, પપ્પાજી; એ યોગીજી મહારાજની અનન્ય પ્રસન્નતાનાં પાત્રો ! તો બાપાએ એ સૌને એમના જેવા જ એમનારૂપ બનાવી દીધા, એમાં આપણે ફાવી ગયા.

એવા સાધુના 'પ્રસંગ'થી – પ્રસંગ ! સંગ અને પ્રસંગ બે શબ્દો છે. સંગ તો છૂટી જાય. ટ્રેનમાં બે ઘડી સાથે બેઠા, અલકમલકની વાતો કરી ને સ્ટેશન આવ્યું એટલે ઊતરીને જતા રહ્યા. ભૂલી ગયા. પ્રસંગ તો જેની સાથે રહીએ એની કાયમી સ્મૃતિ રહે. યોગીબાપા કાથીનું દૃષ્ટાંત આપતા. બીજી દોરી તમે સળગાવો તો રાખ થઈ જાય જ્યારે કાથીની ત્રણ સેરો ગૂંથેલી હોય, એને તમે સળગાવો તો એવી ને એવી જ રહે. એમ ગમે એવું બને તોય એકબીજાનાથી છૂટે નહીં, એવો જે સંગ તેને પ્રસંગ કહેવાય. વઢે–છટકારે, માન આપે–ના આપે, બોલે–ના બોલે, કામ થાય–ના થાય, પાસે રાખે–દૂર રાખે, પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે–ના વર્તે, પણ સત્પુરુષથી દૂર જવાનો વિચાર ના આવે, સત્પુરુષને વિષે કોઈ ભાવફેર કે અમહિમાની વાતો કરે એ ચલાવી ના લે, સતત એમના વિશે નિર્દોષભાવ રાખે એ સત્પુરુષનો પ્રસંગ કર્યો કહેવાય.

ઘણા સંગમાં રહેતા હોય પણ ક્યારે પાછા જતા રહે તેની ખબર ના રહે. કારણ કે, અમહિમા, ભાવફેર, માથાકૂટની વાતો સાંભળીને એમાં પડી જાય. પણ જેને સત્પુરુષનો પ્રસંગ હોય તે ગમે તેવી પરિસ્થિતિ, ગમે તેવા સંજોગોમાં પણ દૂર ના થાય. અશ્વિનભાઈ, શાંતિભાઈ, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી ને આ સંતોની વાત એટલે કરું છું કે, એમણે પ્રસંગ કર્યો. બાપાએ ભયંકર કસણીમાં રાખ્યા, એમનું ધાર્યું છોડાવીને પોતાના ધાર્યા પ્રમાણે–પોતાની ઈચ્છા પ્રમાણે વર્તાવ્યા, બુદ્ધિમાં ના ઉતરે એવી આજ્ઞાઓ આપી; તેવી આજ્ઞાઓને પાળવા પોતાની બુદ્ધિને સારધાર વાપરી. ભાવફેર કરવાના, દૂર જતા રહેવાના, માથાકૂટ કરવાના ચાન્સીસ હતા, ખટપટિયા, માથાકૂટિયા મળીને વાતો કરનારા પણ હતા, પણ કોઈની ટ્રેપમાં આવ્યા નહીં. યોગીજી મહારાજ અને યોગીબાપાના સંબંધવાળા સૌ નિર્દોષ ને દિવ્ય છે, એ જડબેસલાક પકડી રાખ્યું અને બાપાની આજ્ઞા ગૌણ ના કરી, સારધાર પાળી; એ પ્રસંગ કર્યો કહેવાય. એ પ્રસંગને લઈને ભગવદ્ ભાવનો જે ધર્મ, ભાગવતી તનુ થઈ ગયું, બાપારૂપ–ગુરુરૂપ બની ગયા. અને એમના પ્રસંગથી, એમની સાથે જે જોડાય એમનાં પણ મોક્ષનાં દ્વાર ખુલ્લાં થઈ જાય, એવું સંતત્વ યોગીજી મહારાજે કૃપા કરીને એમને બક્ષિસમાં આપ્યું.

**અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.**

પ્રસંગ થકી જ ઉઘાડું થાય છે. પ્રસંગ – આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય પછી ધોખા–વાંધા થાય પણ એમને છોડવાનું મન ના થાય. સાધુ થયાના શરૂઆતનાં વર્ષોમાં મુકુંદજીવન સ્વામી (ગુરુજી)એ બાપાને કહ્યું કે, 'મૂંઝવણ થાય છે. આ બધા વાતો કરે છે તેમ મારી સ્થિતિ થાય એવું લાગતું નથી. કારણ કે, મારાથી બધાનું જોવાઈ જાય છે, મારાથી સેવા નથી થતી, મારાથી એક જગ્યાએ શાંતિથી બેસીને માળા નથી ફરતી, ભજન નથી થતું, તો મારાથી કશું થશે નહીં બાપા. મારી કોઈ સ્થિતિ થાય એવું લાગતું નથી, એટલે મને રજા આપો, ઘરે જઉં.' એટલે યોગીબાપાએ એમને પાસે બેસાડીને કહ્યું, 'મુકુંદ, કોઈ રૂપાળી છોકરી લાખ રૂપિયા લઈને આવે અને તમને કહે, ચાલો આપણે લગન કરીને જતાં રહીએ, આ સાધુને – યોગીજી મહારાજને છોડી દો. તો તમે અમને છોડી દો ?' ત્યારે લાખ રૂપિયા બહુ મોટી રકમ હતી. મુકુંદજીવન સ્વામી કહે, 'એ તો બાપા શક્ય જ નથી, તમને છોડી જ ના શકું.' એટલે બાપા કહે, 'એ જ સ્થિતિ ! બીજી કઈ સ્થિતિ ? સત્પુરુષને ના છોડી શકીએ એવા થયા એ સ્થિતિ !'

મીરાંબાઈએ ગાયું, 'જો તુમ તોડો પિયા, મૈં નહીં તોડું રે, તોરી પ્રીત તોડી ક્રિષ્ના કૌન સંગ જોડું ?' હે પ્રભુ ! તમે મને ધક્કો મારશો, હડસેલશો, 'તારું મોઢું નથી જોવું' એવું કહેશો, મને છટકારીને તોડી નાખશો, પણ હું તમારી સાથે પ્રેમથી જોડાઈ છું એ તોડવા તૈયાર જ નથી. કારણ ? તારી સાથેનો જે પ્રેમ છે એ તોડીને જગતમાં એવું કોઈ નથી કે જેને હું પ્રેમ કરું,

એટલે મારાથી તમને છોડવાનું શક્ય નથી. આ સ્થિતિ ! મીરાંબાઈની સ્થિતિ આવી હતી. ઘરમાંથી, મહેલમાંથી કાઢી મૂક્યાં, અપમાન કર્યાં, કેટલું બધું કર્યું પણ ભગવાનનું ભજન અને ભગવાનની સ્મૃતિ છોડી નહીં. વધારે દઢ થતાં ગયાં. આ એકાંતિક ભક્તનું લક્ષણ છે.

તો એવા સાધુ થકી જ મોક્ષનું દ્વાર ખુલ્લું થાય છે. ભગવાનની પાસે જવાનો માર્ગ, એવા સાધુમાં જોડાવાથી જ પ્રાપ્ત થાય છે તે વગર પ્રાપ્ત થતો નથી. મહારાજને એ કહેવું છે. આ 'વચનામૃત'માં સત્પુરુષનો મહિમા ગાયો છે કે, સંત કેવા હોય ? સંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ યુક્ત હોય. એમના પ્રસંગથી જ આપણા આત્મામાં રહેલી જે આધ્યાત્મિકતા, ભગવદ્ ભાવ એ ખીલી ઊઠશે. અને ભગવાનને રાજી કરવાના માર્ગે ચાલી પ્રભુરૂપ થવાનો માર્ગ એવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જ ખુલ્લો થશે. પણ એમનો પ્રસંગ કરવો પડે. એવું અસાધારણ હેત થાય કે, એમને છોડી ના શકીએ, એમને સંભાર્યા વગર રહી ના શકીએ. ગમે એવું અંદર ચાલતું હોય તોય એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાનો આપણને હૈયામાં આલોચ રહે. એમને રાજી કરવાની હૈયામાં રહેલી ભાવના સહેજ પણ મોળી ના પડે. અકળાઈએ, દુણાઈએ, ધમપછાડા કરીએ, પણ એમના સિવાય કોઈની પાસે જવાનું મન ના થાય; એ પ્રસંગ કર્યો કહેવાય. ને એવો પ્રસંગ સંતને વિશે રાખીએ તો આપણામાં રહેલા ભાગવત ધર્મનું પોષણ થશે, ખીલી ઊઠશે અને મોક્ષનું દ્વાર એટલે કે ભગવાન પાસે જવાનો માર્ગ જે આપણા માટે ખુલતાં, એની નજીક પહોંચી જઈશું.

**તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,**

**પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।**
**સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥"**

**'જેવો એ જીવને પોતાનાં સંબંધીને વિષે દઢ પ્રસંગ છે..."**

જેવો પોતાનાં સંબંધીને વિષે દઢ પ્રસંગ છે, ઘરવાળાં રિસાય, બૂમબરાડા પાડે તોય બધા કેવા મિયાંની મીંદડી થઈ જાય છે. કે પુરુષ દંડા મારે તોય બૈરાં ઘર છોડે નહીં. ગુણાતીતાનંદ સ્વામી નારાયણ ધરે નહાવા જતા હતા. ત્યાં રસ્તામાં રોજેરોજ લાકડાં કાપીને ગુજરાન કરતા કઠિયારાનું ઝૂંપડું હતું. સ્વામી જતા હતા તે વખતે ઝૂંપડામાં પતિ-પત્ની ઝઘડ્યાં. તે પેલો કઠિયારો એની કુહાડીના દસ્તાનો પાછળનો ભાગ પેલીના માથામાં ધડાક દઈ ઠોકીને ચાલવા માંડ્યો. જોવા ઊભોય ના રહ્યો કે, એને વાગ્યું છે કે લોહી નીકળ્યું છે ? પેલી બાઈ તો રાડ પાડીને પડી ગઈ. સંતો ને ભક્તો નાહીને પાછા આવતા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'શિવલાલ શેઠ, પેલી બાઈની તપાસ કરો કે, એને વાગ્યું હોય ને કાંઈ દવાદારૂ કરાવવું હોય તો.' એટલે શિવલાલ શેઠ ઝૂંપડીમાં ગયા. ત્યારે પેલી બાઈ પાટો બાંધીને રોટલા ટીપતી હતી. તેઓ તો આશ્ચર્યમાં જ પડી ગયા ! પેલાના ગયા પછી એને કોણ લઈ જાય ડૉક્ટરને ત્યાં ? પણ એ બધાં વનવાસીઓ એટલે કોઈ વનસ્પતિને વાટીને એની લૂગદી મૂકી સાડીનો એક છેડો ફાડીને પાટો બાંધી દીધો. શિવલાલ શેઠે પૂછ્યું કે, 'શું કરે છે ?' ત્યારે પેલી કહે, 'પેલો ગયો છે એને પેટ ભરવા તો જોઈશે ને ? આવીને ખાશે શું એ ? એટલે એના માટે રોટલા બનાવું છું.' લ્યો, વિચાર કરો, જેણે એને માર્યું એની જ ચિંતા ! આ પ્રસંગ કર્યો કહેવાય. આપણને તો સત્પુરુષ સહેજ ઠપકારે ને ભરસભામાં અપમાન કરે તો થાય કે, 'હું જ મળ્યો છું તમને ?' એ પ્રસંગ કર્યો ના કહેવાય.

શાસ્ત્રીજી મહારાજના વખતની આ વાત ઘણી વખત સાંભળી છે. એક ભગત હતા આપણા દાસભાઈ જેવા. હિસાબની એમને ગણતરી જ નહીં. કોઈની પાસેથી પૈસા ઉધાર લઈ આવે, પછી બીજા પાસેથી લઈ આવે ને એમ ચલાવે. એટલે બધા પૈસા પાછા માંગે તો ખરા ને કે, 'ભગત પેલા પૈસા પાછા લાવો ?' ત્યારે ભગત કહે, 'શું આપવા ને શું લેવા છે ? માંડીવાળો.' આવું બહુ લાંબું ચાલ્યું એટલે શાસ્ત્રીજી મહારાજ પાસે ફરિયાદ જવા માંડી કે, 'આ ભગત જેની તેની જોડેથી પૈસા ઉછીના લે છે પછી પાછા આપતા નથી, સ્વામી !' એટલે સ્વામીએ એક-બે વખત ભગતને ટપાર્યા હશે, તોય ભગત પાછા એવા ને એવા ! પછી એક વખત સભામાં એ ભગત આવ્યા ત્યારે કોઈએ કહ્યું કે,

સત્પુરુષથી દૂર જવાનો વિચાર ના આવે,
સત્પુરુષને વિષે કોઈ ભાવફેર કે અમહિમાની
વાતો કરે એ ચલાવી ના લે,
સતત એમના વિશે નિર્દોષભાવ રાખે
એ સત્પુરુષનો પ્રસંગ કર્યો કહેવાય.





'ધર્મ થકી પડે નહીં'
એટલે
અભાવ, અવગુણ ના લે.
ભાવફેરમાં ના પડે;
આપણો સાચો ધર્મ એ છે.

'સ્વામી, આ ભાઈ આવ્યા છે, ને પૈસા પાછા નથી આપતા.' પેલા ભગત શાસ્ત્રીજી મહારાજને પગે લાગવા આવ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને અડધો કલાક સુધી ખૂબ ખંખેર્યા-લઢ્યા. પણ પેલા તો હસતા હતા ને કહે, 'સ્વામી, મને તો સાંભળો.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'બોલ, તારે શું બોલવું છે ?' એટલે પેલા ભગત કહે, 'સુણો ચતુર સુજાણ, સુણો ચતુર સુજાણ... અમે તો વહેવારિયા છીએ એટલે અમે તો આવું કરીએ, પણ તમને આવું શોભે નહીં ગુરુદેવ !' એમ એમણે પ્રેમથી ગુરુને પ્રાર્થના કરી એટલે શાસ્ત્રીજી મહારાજ એકદમ હસી પડ્યા. કેવા ભગત કહેવાય? તમે વિચાર કરો! આટલી મોટી સભામાં આટલું બધું અપમાન થાય તો આપણે શું કરીએ? ઊભા રહીએ? શાસ્ત્રીજી મહારાજને કહીએ કે, 'કલ્યાણ રહ્યું તમારા ઘરે, ફરી આવે એ બીજો ! આવું જ નહીં તમારી પાસે.' એવું જ કહીએ ને ? એવા અહંકારી માણસો, અહંકારને સ્વમાન માનીને જીવનારા માણસો અભાવ લઈને જતા રહ્યા છે. જ્યારે આ ભગતે શાસ્ત્રીજી મહારાજને વિશે ખરેખર પ્રસંગ કર્યો, આત્મબુદ્ધિ ને પ્રીતિ કરી. તો શાસ્ત્રીજી મહારાજે એ ભગતને કહ્યું, 'તારું વ્યવહારમાં કામ નથી એટલે તું સાધુ થઈ જા.' પછી એને સાધુ બનાવી દીધો. આ પ્રસંગ કર્યો કહેવાય.

ખોટું ના લાગે, બેભાન ના થઈ જાય, મોઢું ના ચઢી જાય. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈને ગમે તે કહ્યું, ગમે તે કર્યું; પણ, એમના કામમાં કદી મોળાશ નથી આવી. કોઈ દિવસ મોઢું નથી ચઢાવ્યું. એમને જે પણ કાર્ય સોંપ્યું એ કરવામાં તેઓ સદાય તત્પર રહ્યા છે. ત્યારે આપણું મસ્તક નમી જાય કે, ખરેખર ભગવાનને રાજી કરવાનો હૈયામાં કેટલો ઉત્કટભાવ છે ! બાપાના થઈને જીવન જીવવાની અંતર-આત્મામાં કેટલી બધી તાલાવેલી છે ! તો જ આ શક્ય બને, નહીં તો શક્ય ના બને. આ બાપાનો પ્રસંગ કર્યો કહેવાય !

એવા આપણા વીરેન્દ્રભાઈ હતા. વીરેન્દ્રભાઈને મણના છ શેર કરી દઈએ. પણ ૧૦ મિનિટ પછી વીરેન્દ્રભાઈ ઠંડા પાણીનો ગ્લાસ લઈને આવે. 'શું તમે પાણી લઈને આવ્યા ?' તો કહે, 'પીવોને, તમારું મોઢું સુકાઈ ગયું હશે !' કેટલા નિર્માની માણસ કહેવાય, ખરેખર ! હસી પડાય.

આવા સંતો - અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈને યાદ કરીએ તો આપણું મસ્તક નમી જાય. આ એટલે કહું છું અને મહિમા ગાઉં છું કે, એમની સાથે રહ્યો અને એમનું નજીકથી જીવન જોયું. હવે જો આપણે એમના વિશે આવો પ્રસંગ કરીએ તો આપણા બધા અહંકાર અને ગમે એવા દોષ હોય તે તળિયાઝાટક થઈ જાય, એને કાઢવા ના પડે; મહારાજ એ કહે છે. આ તો આપણને સાચવવા પડે, આપણું રાખવું પડે, આપણને બોલાવવા પડે. કેટલાં લાંબાં વર્ષો જાય ત્યારે બધું બદલાય. પણ આવો પ્રસંગ કરીએ તો થોડાં વર્ષોમાં તાત્કાલિક બદલાય.

**તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.**

**પછી શુકમુનિએ પૂછ્યું જે, "ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે કરીને ઓળખાય?"**

ગમે તેવો આપત્કાળ આવે, કોઈ ભયંકર બીમારી આવે, વેપાર-ધંધામાં નુકસાન આવે, દુકાળ પડે અથવા તો સરકારી તંત્રમાં કેસ થાય, વ્યવહારમાં ડખા થાય, છોકરાનાં લગન ના થાય, છોકરીનાં લગન ના થાય, ઘણાને લગન થયાં હોય તો છૂટાછેડા થઈ જાય, આવી બધી આફતો જીવનમાં આવી પડે; ત્યારે પણ પોતાના ધર્મમાંથી ના ખસે તે કયાં લક્ષણે કરીને ઓળખાય ?

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહીં. એવી રીતનો જેનો સ્વભાવ હોય, તેને ગમે તેવો આપત્કાળ આવે તોય પણ એ ધર્મ થકી પડે જ નહીં.**

આજ્ઞા જે આપી હોય એ લોપી શકે નહીં. લોપવી હોય તોય ના લોપાય. 'ધર્મ થકી પડે નહીં' એટલે અભાવ, અવગુણ ના લે. ભાવફેરમાં

ના પડે; આપણો સાચો ધર્મ એ છે. 'સ્વામિનારાયણ' એટલે શું ? નિયમ, ધર્મ, 'શિક્ષાપત્રી' તો પાળીએ જ, એ તો સામાન્ય છે. પણ ભગવાન, ભગવાનના ભક્તો અને સત્પુરુષને વિશે અચળ નિર્દોષભાવ ! એમના વિશે ભાવફેરમાં, અમહિમામાં પડે નહીં. એમાં પડ્યો એટલે ધર્મમાંથી પડ્યો કહેવાય, એવો પડે નહીં.

દાદુકાકા ઉપર બાપાની હાજરીમાં જ કેટલો મોટો કેસ થયો હતો ! ફર્ટિલાઈઝર બાબતમાં સરકારે એમની પર કેસ કર્યો. ક્રિમિનલ કેસ, એટલે સીધા ઍરેસ્ટ કર્યા. પછી જામીન માટે કોર્ટમાં રજૂ કર્યા. કોર્ટે જામીન આપ્યા એટલે છૂટીને, બાપા ત્યારે વાડીમાં બિરાજમાન હતા, ત્યાં ગયા. બાપાએ દાદુકાકાને કહ્યું કે, 'તમે પ્રવચન કરો.' હવે આવા સમયે પ્રવચન થાય? આપણે હોઈએ તો ઊલટાનું એમ કહીએ કે, 'ભલા માણસ, તમારી આટલી સેવા કરી, ગઢડામાં એકાવન લાખની સેવા કરી, અમારા ઘરે રાત-દિવસ સંતો ઊતરે, અમે રાત-દિવસ તમારાં પોટલાં ઊંચકીને ફરીએ ને છેવટે અમને જ ઍરેસ્ટ કરાવ્યા તમે!' પણ ના, દાદુકાકાએ ઊભા થઈને પ્રવચનમાં બાપાનો અપરંપાર મહિમા ગાયો. અને ત્યાં સુધી ગાયો કે, 'અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ મહારાજ, એ યોગીજી મહારાજ થકી આપણને દર્શન દે છે, આશીર્વાદ આપે છે. આ બ્રહ્માંડમાં એમનું ધાર્યું થાય છે !' આવી બધી એટલી વાતો કરી તો કોઈ કહે, 'તમારા કેસમાં કેમનું છે ?' તો કહે, 'અમારા જીવનમાં એમને કંઈક આપવું છે, તેઓ હિતકારી ને હેતકારી છે,' તે બાપાનું કર્તાહર્તાપણું, બાપા અમારા સારા માટે, અમારા હિત માટે જ કરી રહ્યા છે. એવો અપરંપાર મહિમા દાદુકાકાએ ગાયો; તો આ પ્રસંગ કર્યો કહેવાય. તો તેઓ બાપાની પ્રસન્નતાનું પાત્ર બન્યા ને યોગીસ્વરૂપ થઈ ગયા. આપણા ગુણાતીત સમાજની સ્થાપના દાદુકાકાને આભારી છે. આપણે બધા અત્યારે આવી સરસ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતો, કે સંપ, સુહૃદભાવ ને એકતા કે હળીમળીને રહેવાની વાતો, નિર્દોષબુદ્ધિ-દિવ્યભાવ રાખીને ભક્તિ કરવાની વાતો કરીએ છીએ, યોગીજી મહારાજનું જે જ્ઞાન, યોગીબાપાની જે રુચિ, યોગીબાપાનું જે રહસ્ય; એ બધું દાદુકાકાએ આપણને ગળથૂથીમાંથી આપ્યું. એને કારણે આપણી સાધના આનંદદાયક બની રહી છે, યાદ રાખો ! દાદુકાકા એવી ભયંકર પરિસ્થિતિમાં પણ કર્તાહર્તાપણું ચૂક્યા નહીં તો તેમને અખંડ આનંદ રહ્યો. અને ઠેઠ '૫૨માં થયેલો કેસ આપણે વિમુખ થયા પછી '૬૭-'૬૮માં એનો નિવેડો આવ્યો ને એમાં તેઓ નિર્દોષ છૂટ્યા.

એવો સતીશભાઈ ઉપર મંદિરની સેવા ચાલતી હતી ત્યારે જ કેસ થયો. અમેરિકામાં ૨૦૧૫ના જાન્યુઆરીની ૨૧મીએ મારું મોટું ઑપરેશન પૂ. ડૉ. તેજેનભાઈ, પૂ. ડૉ. ડેવિડની હૉસ્પિટલમાં થયું. એના એક અઠવાડિયા પછીથી ઈંગ્લૅન્ડની તેઓની ઑફિસ પર ઈન્કમટૅક્સનો દરોડો પડ્યો. દોઢસો માણસો ઊતરી આવ્યા એમને ત્યાં. પણ તેઓ જરાય ડગ્યા નહિ. મંદિરના કામમાં, મંદિરની સેવામાં, સમૈયા-ઉત્સવમાં તમે જોયા હોય તો ફુલફ્લેજ તેમણે સેવા-ભક્તિ કરી. મહિમા એટલો જ ગાતા હતા. બીજે બધે પંદર-વીસ વર્ષ કેસ ચાલે, પણ બધાંએ અને એમણે ભજન-પ્રાર્થના કર્યાં તો બે વર્ષમાં ઈન્કમટૅક્સવાળાએ માફી માંગી, કોઈ દિવસ માંગે નહીં. પણ એમની કસોટી થઈ ગઈ. તેઓ કસોટીમાંથી પાર ઊતરી ગયા. ભયંકર પ્રસંગોમાં ભક્તો જ્યારે આવે ત્યારે ભક્તોની સાચી ઓળખાણ થાય.

વિમુખ પ્રકરણ વખતે કેટલી ભયંકર કસોટી થયેલી ! કેટલો મોટો સમાજ હતો. પણ એમાં બૅપ્સ સંસ્થામાં જે હતા એમાંથી નિર્દોષભાવ જેમણે રાખ્યો, અને આપણે તો હતા જ થોડા. બૉમ્બે ને માણાવદર બે જ સત્સંગનાં કેન્દ્રો હતાં. ૪૦ સંતો સોખડા આવ્યા એટલે સોખડા કેન્દ્ર હતું, વલ્લભવિદ્યાનગરમાં દસ-પંદર અમે ભાઈઓ હતા ને એકાવન બહેનો હતાં; બસ આટલો આપણો સમાજ હતો. એ બધાંએ નિર્દોષભાવ રાખ્યો. ગાળો ભાંડનાર, અપમાન કરનાર, આપણે બહેનોના કામમાં ઊભા રહ્યા એટલે, નહીં લેવાદેવા વગરના બધા આપણા માટે એલફેલ ને કેટલું બધું ખરાબ બોલતાં ! આશ્ચર્ય લાગે!

**નિર્દોષભાવ જે રાખે છે અને**
**સંપ, સુહૃદભાવ, એકતા માટે જે કરવું પડે કરે છે અને**
**કોઈપણ કાર્ય હળીમળીને કરે છે**
**એનો ધર્મ દૃઢ રહેશે ;**
**કારણ કે ભગવાનની પ્રસન્નતા એમાં છે.**
**અને ભગવાનની પ્રસન્નતા જ સાચો ધર્મ છે,**





**હૈયામાં પોતાના ગુરુનું,
પોતાના ઈષ્ટદેવનું માહાત્મ્ય અપરંપાર હોય
તો જ સંબંધવાળાનું આવું માહાત્મ્ય હૈયામાં પ્રગટે.
અને એવું જેને માહાત્મ્ય પ્રગટી ગયું
એ અસલી સાધુતા છે !
એનામાં ભગવાન અખંડ વિચરણ કરતા હોય !**

અહીં આપણી વિરુદ્ધ કેટલી બધી પત્રિકાઓ વહેંચી, પણ એ પત્રિકા વહેંચનાર, લખનાર, આવું બધું કરનારને વિશે કાકા-પપ્પાની અદ્ભુત લીડરશીપ હતી, હરિપ્રસાદ સ્વામી જેવા સાધુ હતા તો આપણે બધાય નિર્દોષભાવ રાખીને બાપામાં જ સ્થિર રહ્યા. સાચો ધર્મ આપણે રાખ્યો તો કેટલું સરસ થઈ ગયું અત્યારે ! આવી પરિસ્થિતિમાં અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ કે એકાવન બહેનો, હરિપ્રસાદ સ્વામી અને ચાલીસ સંતો, મુંબઈ મંડળ ને માણાવદર મંડળ; આ ભયંકર પ્રસંગોમાંથી પસાર થયાં પણ નિર્દોષભાવ-દિવ્યભાવ રાખીને ભક્તિ કર્યા કરી, ભજન-પ્રાર્થના કર્યા કરી, આવડી એવી સેવાઓ કર્યા કરી તો બધાં યોગીજી મહારાજની પ્રસન્નતાનાં પાત્ર થઈ ગયાં.

**માટે જેને વચનમાં દઢતા છે તેનો જ ધર્મ દઢ રહે અને તેનો જ સત્સંગ પણ દઢ રહે.**


બાપાએ શું વચન આપ્યું ? 'નિર્દોષબુદ્ધિ એ સર્વોપરી સેવા છે.' 'સંપ, સુહૃદભાવ ને એકતા રાખો, હળીમળીને કામ કરો.' બસ એ બધાંએ રાખ્યું તો કામ થઈ ગયું, એ ધર્મમાં રહ્યાં. બાકી તિલક-ચાંદલો કરવો, નિયમો પાળવા, એકાદશીઓ કરવી, 'શિક્ષાપત્રી' પ્રમાણે ધર્મ-નિયમમાં રહેવું - આ તો બધું કરવાનું જ છે; પણ એ સામાન્ય ધર્મ છે. વિશિષ્ટ ધર્મ આ છે કે, જેનાથી ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. બધા આ વિશિષ્ટ ધર્મને ગૌણ કરે છે અને જે સામાન્ય ધર્મ - નહાવું, ધોવું, એકાદશી આને બહુ મહત્ત્વ આપીને એને લઈને પાછા ભાવફેર કરીને વિશિષ્ટ ધર્મનો લોપ કરે છે.

નિર્દોષભાવ જે રાખે છે અને સંપ, સુહૃદભાવ, એકતા માટે જે કરવું પડે એ કરે છે અને કોઈપણ કાર્ય હળીમળીને કરે છે એનો ધર્મ દઢ રહેશે; કારણ કે ભગવાનની પ્રસન્નતા એમાં છે. અને ભગવાનની પ્રસન્નતા જ સાચો ધર્મ છે, બાકી બીજા ધર્મ એ ક્રિયાંકાડ છે.

શાંતિભાઈનું કેટલું બધું અપમાન થયું ! પણ યોગીબાપાને રાજી કરવાનો ભાવ હતો તો એમના કાકા, બાપા બધામાં યોગીબાપા છે, મહારાજ છે, એવું માની એમનો તિરસ્કાર ના કર્યો, એમનો અભાવ ના લીધો, ભાવફેર ના કર્યો અને ગુરુદેવ યોગીબાપાની આજ્ઞા પાળવામાં એ લોકોને મચક પણ ના આપી. શાંતિભાઈને ખેંચી ગયા ઘરે, તો ગયા, પણ પોતાના મુકામમાં તેઓ સ્થિર હતા તો અભાવ ના લીધો ને યોગીબાપાનું સ્મરણ કરીને ભજન કર્યું અને બાપાના થઈને જીવન જીવવું છે એમાં સતત દઢ રહ્યા. તો બધાં જ ફૅક્ટર ફેવરે બલ થયાં ને કેવી અદ્ભુત સાધુતા એમણે પ્રાપ્ત કરી ! તો અત્યારે તેઓ જ્યાં જાય ત્યાં મંદિર રૂપ છે. મંદિર જેવું વાતાવરણ ઊભું કરીને બધાંને કેટલું બધું સુખ આપે છે ! બાપાએ એમ ને એમ નથી આપ્યું ! અનંત કસોટીમાંથી, કસણીમાંથી પસાર થઈને એમણે આપણને દર્શન કરાવ્યું કે, એમના આત્મામાં એક યોગીજી મહારાજ ને સ્વામિનારાયણ ભગવાન સિવાય કાંઈ છે નહીં, બધું ખંખેરાઈ ગયેલું છે. અપમાન કરે-માન આપે, બોલાવે-ના બોલાવે, કોઈ સારા કહે-કોઈ ખોટા કહે; પણ કોઈનાય વિશે ભાવફેર નથી કરતા, બધાનો અપરંપાર મહિમા ગાય છે, બધાને પ્રેમથી આવકારે છે, પ્રેમથી બોલાવે છે. ગમે એવો ફાસફૂસિયો હોય તો શાંતિભાઈ એને બહુ મોટો માનીને વહાલ કરે. આ સામાન્ય વસ્તુ નથી, યાદ રાખો ! હૈયામાં પોતાના ગુરુનું, પોતાના ઈષ્ટદેવનું અપરંપાર માહાત્મ્ય હોય તો જ સંબંધવાળાનું આવું માહાત્મ્ય હૈયામાં પ્રગટે. અને એવું જેને માહાત્મ્ય પ્રગટી ગયું એ અસલી સાધુતા છે ! એનામાં ભગવાન અખંડ વિચરણ કરતા હોય ! તો એની નિશાની - તેઓ જ્યાં જાય ત્યાં કહેવું ના પડે, એમ ને એમ બધા ખેંચાય. એમની વાતોથી બધાંને શાંતિ થાય, એમની પાસે બેસવાથી આનંદ આવે, એમને બોલાવવામાં આનંદ આવે. એમનાં દર્શનની તાણ હોય. એ સાધુતા પ્રભુની પ્રસન્નતાથી પ્રાપ્ત થતી હોય છે. એવા અશ્વિનભાઈ, શાંતિભાઈ બધાય અદ્ભુત સાધુઓની ભેટ પ્રભુએ આપણને આપી છે. જાગ્રતતા રાખીએ, મહિમા સમજીને એ રીતે એમની સાથે રહીએ તો આપણે કાંઈ કરવું નહીં પડે, કાંઈ બીજે ફાંફાં મારવાં નહીં પડે, અહીં ને અહીં ભગવાનની પ્રસન્નતાનાં પાત્ર બની જઈશું.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆







# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

**હે ગુરુવર સાહેબજી !**

ગુરુવર શાસ્ત્રીજી મહારાજની શુભાશિષ
ગુરુવર યોગીજી મહારાજની કૃપાશિષ
તો... આપની કૃપા ઢળી... આપે અમને સૌને સ્વીકાર્યાં
સૌના હૃદયે આપની મૂર્તિ સ્થિર છે
માહાત્મ્યનાં તેજે દેદીપ્યમાન છે
દર્શન શાન્તિ અનુભવાય છે
રાજી કરી લેવા ઉમંગ છલકે છે
આપનાં વ્હાલાં સૌની સેવા કરી જ લેવી છે
સૌને કૈવલ્યમૂર્તિ માની વ્યવહાર કરવો છે
વાણી વિચારે દિવ્ય માની વર્તન કરવાં છે
સંબંધી... સૌના દાસ બની જ રહેવું છે
'સ્વામિનારાયણ' માત્રને મોટા માનવા છે.
તે સૌના ગુણ જોઈ ગાવા છે.
તે સૌ આપનાં માની પ્રેમ કરવો છે
તેવાં વર્તન વ્યવહાર કરી આપને રાજી કરવા છે.

અમ સૌને આપે સ્વીકાર્યાં... આપ સૌનું ગાડું હંકારો છો
સૌને આપ જ દોરજો ને માર્ગે ચલાવજો
અમ સૌની તે પ્રાર્થના આપ સદા સાંભળો છો
તેથી તો સૌને પ્રાપ્તિના આનંદે સભરતા અનુભવાય છે.

ગુરુપૂર્ણિમાની પ્રાર્થના...!
આ સુખ... આ સહજાનંદ... શાશ્વત કરો !
આપ અને પ્રભુ સિવાય જે રહ્યું સહ્યું તે ટાળી દો !
કેવળ આપ... આપનાં સંબંધી
તે સિવાય અન્ય સર્વ આપને ચરણે ધર્યું
સ્વીકારી લો... કૃપા કરો...
અમ સૌ આપના સંતો-ભક્તોની
આ પ્રાર્થના... નજરાણું !
રાજી થકા સ્વીકારો દયાળુ ! ◆

સાધુ શાન્તિદાસના
જયસ્વામિનારાયણ.



*૪ જુલાઈ ૨૦૨૦, બ્રહ્મજ્યોતિ, મોગરી*



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા મધ્ય પ્રકરણ-૨૧, 'મુદ્દાનું'નું નિરૂપણ
૨૧ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગયા અંકથી ચાલુ...)

**આજના** 'વચનામૃત'માં ભગવાન એમ કહે છે કે, 'બધાં શાસ્ત્રો વાંચ્યાં, એમાં ટૂંકમાં બે વાત આવે છે. એક વાત સૌથી પહેલી કે, આ સૃષ્ટિના સર્જક, પાલક, પોષક, કર્તા-હર્તા એ પ્રભુ છે. પછી માનવાનું આવે છે કે, એ જે મને મળ્યા છે તે છે અને એ પ્રગટ અને પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ - પ્રતિ અક્ષ - મને મળ્યા છે તે જ છે. પણ મુદ્દો એટલો આવ્યો, કે આ સઘળી સૃષ્ટિનું સંચાલન ભગવાનની ઈચ્છાથી ચાલી રહ્યું છે.

સંતોએ ગાયું કે, 'રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે'. આપણે બધાં કઠપૂતળી જેવાં છીએ, આપણને દસેય આંગળીઓથી નચાવનારા તો પડદા પાછળ છે. અમે નાના હતા ત્યારે કઠપૂતળીનો ખેલ અમારા ગામના ચોરા પાસે જોવા જતા. હાથની દસેય આંગળીઓએ દોરી બાંધી હોય. એમાં રાજા, રાણી, પ્રધાન અને સૈન્ય હોય, એમાં રાજા-રાણીની આખી વાર્તા ચાલે, યુદ્ધ પણ થાય અને જોડે મ્યુઝિક પણ વાગે. એ જોવાની મજા આવે. પણ એ નાચે છે કોની વડે ? પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો; એ દસ આંગળીઓ દ્વારા આ બધાં રાખનાં રમકડાં એ રાતદિવસ નાચ્યાં કરતાં હોય છે, આ રહસ્યની વાત છે.

આ કઠપૂતળીના ખેલના માધ્યમ દ્વારા નાનપણથી આ શિક્ષણ આપણને આપવામાં આવ્યું છે કે, દસેય ઈન્દ્રિયો-પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયો; અને માંકડા જેવું મન અગિયારમું. એ બધાંને નચાવનારો મારો પ્રભુ છે, એ પ્રભુને કર્તા-હર્તા માન્યા. આ ભાવ જેટલો સ્થિર થયો એટલો ભગવાનનો, ભગવદ્ ભક્તિનો આનંદ વધતો જાય છે.

સર્વ શાસ્ત્રોના સારમાં એક આ વાત આવી અને બીજી વાતમાં એમાં કાં ભગવાનનાં કાં સંતનાં ચરિત્રો છે. ભાગવતમાં જનક રાજાની વાત આવે છે, શુકદેવજીની વાત આવે છે અને પરીક્ષિતનો મોક્ષ થયો તે વાત પણ આવે છે. એમાં ભગવાન ને ભગવાનના સંતોના મહિમાની વાત આવે છે. શાસ્ત્રોમાં આ બે જ વાત છે. એક ભગવાન છે અને બીજા ભગવાનના સંત છે.

**સર્વ શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ...**

ત્રીજી વાત એમાં શું આવે છે ? વર્ણાશ્રમના ધર્મ ! વર્ણ અને આશ્રમ અને એનો ધર્મ. વિદ્યાર્થી હોય તો એને ધ્યાન દઈને વિદ્યાભ્યાસ કરવો. વેપારી હોય તો એણે નફા-નુકસાનનો હિસાબ રાખીને વેપાર કરવો. અને સંન્યાસી હોય તો 'ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના...' એનું અનુસંધાન રાખવું. નીતિ, નિયમ, સદાચાર, ધર્મપાલન; એની જે કંઈપણ આજ્ઞાઓ શાસ્ત્રોમાં કરી છે એને અહીંયાં સ્વામિનારાયણ ભગવાને વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે.

સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં ગૃહસ્થના ધર્મ, ત્યાગીના ધર્મ, સધવાના ધર્મ, વિધવાના ધર્મ કહ્યા છે. સૌએ - પોતપોતે જ્યાં છીએ, જે અવસ્થામાં છીએ એ અવસ્થામાં ભગવાન સાથે કેવી રીતે જોડાયેલા રહેવું એનો ઉપાય શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યો છે. 'પરધર્મ આચરણ નહીં કરવું.' 'પરધર્મનું આચરણ નહીં કરવું' એનો અર્થ એમ થાય છે કે, અમે સંન્યાસી છીએ, આશ્રમમાં ગુરુહરિ સાહેબદાદાના આશ્રયે રહીએ છીએ, કર્મયોગી છીએ અને અમને જે કંઈ સોંપ્યું છે એ ગુરુઆજ્ઞાથી, પ્રભુપ્રીત્યર્થે નિષ્કામભાવથી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. અને તમે ગૃહસ્થી છો, તમારે સગાંસંબંધી, કુટુંબ-પરિવાર, વેપાર-વ્યવહાર બધું જ છે. તો તમારી આશ્રમજીવનની જે વ્યવસ્થા છે એ અમારે

અપનાવવી નહીં અને અમારી આશ્રમજીવનની જે વ્યવસ્થા છે તે તમારે અપનાવવી નહીં; એવું ચોખ્ખું સ્વામિનારાયણ ભગવાને સમજાવ્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણએ આ વાત બહુ સારી રીતે 'ગીતા'માં અર્જુનને માધ્યમ બનાવીને સમજાવી છે કે, સ્વધર્મ શું છે ? અર્જુન ક્ષત્રિય છે અને યુદ્ધ કરવું એ એનો સ્વધર્મ છે, ધર્મ છે. યુદ્ધ નથી કરવું એવો એને વૈરાગ્ય આવી ગયો છે. એટલે શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું કે, 'કોઈ તને સાધુ કહેશે નહીં, પણ તને બાયલો કહેશે. માટે ઊઠ અને લડવા માટે તૈયાર થા.' એમ એને ટૂંકમાં સ્વધર્મ સમજાવી દીધો. આપણે પણ આપણા સ્વધર્મનું પાલન ધર્મશાસ્ત્રની મર્યાદામાં રહીને કરવાનું છે. આ વાત પણ કલ્યાણને અર્થે જે શાસ્ત્રો છે એમાં લખી છે. પણ અહીંયાં કલ્યાણનો જે મુદ્દો સ્વામિનારાયણ ભગવાન કહેવા માગે છે તે માટે એમણે કહ્યું કે,

**ધર્મ, અર્થ અને કામ છે; તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી. અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વતે તો સંસારમાં કીર્તિ થાય છે ને દેહે કરીને સુખિયો રહે છે એટલું ફળ છે.**

એની ભક્તિ દેખાય બહુ સારી કે બહુ મોટા ભગત છે. અહીંયાં ધર્મ, નિયમ, એનાં પાલન, એની મર્યાદાનું ખંડન સ્વામિનારાયણ ભગવાન કરતા નથી, પરંતુ મુદ્દો કહે છે કે, માત્ર એના વતે કલ્યાણ નથી. દાખલો આપીને સહેલું કરું તો, નિર્જળા એકાદશી કરવાથી કલ્યાણ થતું નથી, એમ અહીંયાં વ્યાસપીઠ ઉપરથી હું બોલું, પણ થોડોક એનો ભાવ બદલીએ કે, મારા ગુરુની આજ્ઞા છે ને તેઓ રાજી થાય છે માટે હું એકાદશીનો ઉપવાસ કરું છું; એ મુદ્દો પકડાયો. એના થકી કલ્યાણ થાય છે.

વ્રત, તપ, ઉપવાસ, દાન, યજ્ઞ; એ બધાં ભક્તિમાર્ગનાં સાધનો છે, ઉપકરણો છે. આપણે કંઈ કામ કરવું હોય, ડેકોરેશન કરવું હોય તો ખીલી જોઈએ, હથોડી જોઈએ, નિસરણી જોઈએ. તો પછી આ બધું ડેકોરેશન થાય, એમ ને એમ ના થાય. એમ, આ બધાં ભક્તિમાર્ગનાં પગથિયાં ચઢવા માટેનાં સાધનો છે, પણ એના થકી કલ્યાણ નથી. એકલી હથોડીથી ડેકોરેશન થતું નથી, એકલી ખીલીથી ડેકોરેશન થતું નથી કે એકલી નિસરણીથી ડેકોરેશન થતું નથી. આ બધું ભેગું થાય અને એમાંય વળી, સતીશભાઈ, મણિભાઈ જેવા સંતની આજ્ઞાથી અડધી રાત સુધી ઉજાગરો કરી, ખીલી-હથોડી વાપરી હોય તો મોટા પુરુષનો રાજીપો પ્રાપ્ત થાય.

ત્યાં મુદ્દો છે ‘રાજીપો’ ! આ બધી મહેનત કર્યા પછીથી સંતની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની છે, રાજીપો પ્રાપ્ત કરવાનો છે; અને તો મહેનત ફળી કહેવાય. મંદિરે આવીને આપણે મજૂરી નથી કરતા, મંદિરે આવીને આપણે સેવા કરીએ છીએ; આ બદલાઈ ગયો ભાવ ! અને તે પણ સંતના વચને કરીએ છીએ, મોટાના વચને કરીએ છીએ.

ધર્મગ્રંથોમાં વર્ણાશ્રમના જે ધર્મો લખ્યા છે એના વતી કીર્તિ વધે છે. ચાર જણા વખાણે, ઓ...હો...! બહુ સરસ ડેકોરેશન કર્યું છે, સુંદર બનાવ્યું છે ! અને સાધુ રાજીપો દર્શાવે એટલે પ્રસન્નતા મળી. એ પ્રસન્નતાથી શું થાય ? હું મારા દોષ જીતવા માટે જે સ્વપ્રયત્ન કરી રહ્યો હતો, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા - એ જે મારા અંદરના શત્રુઓની સામે હું લડી રહ્યો હતો, એને જીતવા માટે હું જે પ્રયત્ન કરી રહ્યો હતો; એમાં આ સંત રાજી થયા તો બળ પુરાયું. અને ન જીતી શકાય એવાં સ્વભાવ-પ્રકૃતિ જિતાણાં. એ શું જિતાણાં ? તો પરિવર્તન આવ્યું. સંતની પ્રસન્નતા-આ આપણી સાધના છે. મોટા પુરુષ રાજી થાય, સંતની પ્રસન્નતા પ્રાપ્ત થાય તો સાધને કરીને જે નહોતા જીતી શકાતા એવા જે પંચવિષય છે, એ મોટા પુરુષની કૃપાથી જીતી જવાય છે.

જે પંચવિષય જીતવાની વાત કરું છું, એનું દૃષ્ટાંત આપું. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં એક હરિભક્ત બિચારો બહુ દાખડો કરે, ભારે સત્સંગ કરે - આપણે બધા જે કરીએ છીએ એવો સત્સંગ કરે. એના સદ્ભાગ્યે એને જાગા સ્વામી મળી ગયા. જૂનાગઢ મંદિરમાં જ જાગા સ્વામીનો સમાગમ થયો. જાગા સ્વામી પાસે નિષ્કપટ થયા. એટલે જાગા સ્વામીએ એને કહ્યું કે, ‘આ ગુણાતીતાનંદ સ્વામી છે, એ ભગવાનને અખંડ ધારીને રહ્યા છે, ભગવાનને રહેવાનું ધામ છે. અને મારા અનુભવની આ વાત છે. રાત્રે ગુણાતીતાનંદ સ્વામી લઘુ કરવા ઊઠે ને ત્યારે તું એમના પગ પકડી લેજે. અને તેઓ એમની ટેવ પ્રમાણે પૂછશે કે, 'અલ્યા, કોણ ?' કારણ કે રાત્રે અંધારું હોય. દોઢસો-બસો વર્ષ પહેલાંની વાત છે એટલે ત્યારે સાધુની જાયગામાં કાંઈ એલ.ઈ.ડી. લૅમ્પ નાખેલા નહોતા. ગુણાતીતાનંદ સ્વામીની વૃદ્ધાવસ્થા અને રાત્રે તેઓ લઘુ કરવા માટે ઊઠે છે એ એમનો ક્રમ જાગા સ્વામીને ખબર.

જુઓ આમાં સાધના આવી. જાગા સ્વામીએ કહ્યું, ‘તું પગ પકડી લેજે.’ ક્યારે ? રાત્રે. એટલે પગ પકડવા માટે અડધી રાતનો ઉજાગરો કરવાની, જાગતા રહેવાની અને એનાથી આગળ સતત સ્મરણ ને સ્મૃતિ કર્યા કરવાની તૈયારી રાખવી પડે. મોટા પુરુષ એમ ને એમ કંઈ ધબ્બો મારી દેતા નથી. પેલો ભગત તો મુમુક્ષુ-મોક્ષની ઇચ્છાવાળો. એકી ટશે સાધુની જાયગામાં હમણાં સ્વામી આવશે, હમણાં સ્વામી આવશે, હમણાં સ્વામી આવશે-એમ સ્મૃતિ કરતો સ્વામીની રાહ જોઈને બેઠો. અને સ્વામી જેવા નીકળ્યા એવા એમના પગ પકડી લીધા. સ્વામીએ પૂછ્યું, 'અલ્યા કોણ ?' તો કહે, 'બાપજી, હું તમારો.' જુઓ અહીંયાં, હું કોણ ? એટલે પોતાની જાતની ઓળખાણ નથી આપતા. એવું નથી કહેતા કે, હું ફલાણો ભગત, આ ગામનો કે આ નાતનો. પણ જાગા સ્વામીએ શિખવાડેલું એમ, બસ એટલું જ કહે છે કે, 'સ્વામી, હું તમારો.'

મારી ઓળખાણ શું ? આપણા બધાની ઓળખાણ શું ? સમજવા જેવી આ વાત છે. આપણે આપણી પોતાની જે કંઈ પણ હોય તે ઓળખાણ આપીએ અને પાછળ ડિગ્રી પણ કહીએ. પણ મારી ઓળખાણ શું ? એ વાત બહુ રહસ્યમય રીતે જાગા સ્વામી મહારાજે પેલા ભગતને શિખવાડી. અને નામ, નાત, જાત એવી કશી તપાસ કરવાને બદલે ગુણાતીતાનંદ સ્વામી સામે શો જવાબ દે છે ? 'ઓહો... તું કોઈનો નહીં અને બસ મારો ? લે ધબ્બો !' સ્વામીએ રાજી થઈને ધબ્બો માર્યો. સંપૂર્ણ રીતે શરણાગત થઈને પ્રભુધારક સંતને ચરણે પડ્યો તો તરી ગયો, કલ્યાણનો અધિકારી થઈ ગયો. હવે પંચદોષના શત્રુઓને જીતવાનો કોઈ પ્રયત્ન કરવાનો રહ્યો નહીં, કૃપા થઈ ગઈ !

રાજા જ્યારે રાજી થાય અને રાજ બક્ષિસમાં આપે ત્યારે કોઈ લડાઈ કરવાની રહે ખરી ? કંઈ મહેનત કરવાની રહે ખરી ? એમ કલ્યાણ હાથવગું થઈ જાય. ભગવાનને ધારક જે સંત છે, મોક્ષના દરવાજાની જે ચાવી છે એ સંતના હાથમાં છે, હાથવગી છે. અને એમનું કૃપાવચન થાય કે, અહોહો ! તું કોઈનોય નહીં અને એક મારો ! મારો થઈને તું મારા શરણે આવ્યો ! તો જે મારો થાય છે એને હું તારી દઉં છું. એવું ભગવાનનું વરદાન છે. અને જેટલી શક્તિ, જેટલી સામર્થી, જેટલું ઐશ્વર્ય, જેટલો પ્રતાપ ભગવાનમાં છે એટલું ઐશ્વર્ય, એટલી શક્તિ, એટલો પ્રતાપ ભગવાનધારક સંતમાં છે; એ આપણી ઉપાસના છે. એ વાત પણ 'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાને સમજાવી છે કે, જેટલામાં રાજાનું રાજ, એટલામાં રાણીનું રાજ ! પણ રાજા ચાલવા દે એટલું જ ચાલે. જેટલી સત્તા, સામર્થી, ઐશ્વર્ય, પ્રતાપ ભગવાનમાં છે, ભગવાનની મૂર્તિમાં છે, એટલાં જ ઐશ્વર્ય, પ્રતાપ ભગવાનને ધારક સાધુમાં પણ છે.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનચરિત્રમાં, તેમની વાતોમાં એક પ્રસંગ આવે છે. સ્વામિનારાયણ ભગવાને એક વખત સ્વામીને પૂછ્યું કે, 'અમે કાળ લાવીએ કે ટૂંટિયું ?' પહેલાંના સમયમાં દુષ્કાળ પડતા. કાં તો કોઈ જબરજસ્ત મોટો ઉલ્કાપાત થાય અને અનેક લોકોનાં મૃત્યુ થઈ જાય. ભૂકંપ આવે અને આંખના પલકારામાં અનેક લોકોનાં મૃત્યુ થઈ જાય; એને કાળ કહેવાય. અને બીજું ટૂંટિયું. ટૂંટિયું નામનો રોગ એટલે કૉલેરા. પહેલાંનાં સમયમાં એટલી દવાઓ નહોતી એટલે એવો ભયંકર એનો રોગચાળો ફાટી નીકળે તો સ્મશાને લઈ જનારા માણસો પણ ખૂટી જાય એટલાં મડદાં પડ્યાં હોય સમાજમાં. સ્વામિનારાયણ ભગવાન પોતે પૂછે છે કે, 'કાળ લાવીએ કે ટૂંટિયું ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી મહારાજની મરજી જાણીને એમ કહે છે કે, 'મહારાજ ટૂંટિયું લાવો.'

કોઈ અખતરડાહ્યાએ આ સાંભળ્યું ને જાણ્યું, તો એ શું કહે છે ? બેયની 'ના' – ના પાડીએ ? કારણ કે, ટૂંટિયામાં પણ માણસો તો મરવાના જ છે. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ જોયું કે, કર્તાહર્તા પ્રભુ છે અને આ સંકટ, તોફાન આવી રહ્યું છે, પણ એ તોફાનમાં ભક્તોની રક્ષા થઈ જાય. કાળમાં તો લીલું-સૂકું બધું મરી જશે, પણ ટૂંટિયું લાવશો તો સૂકું સૂકું જ મરી જશે, અને લીલું એ લીલું જ રહેશે – જીવતું રહેશે. એનો અર્થ સમજાવું તો, જેનો આહાર અને વિહાર શુદ્ધ અને પવિત્ર છે તે રોગચાળાની ઝપટમાં આવશે નહીં, મરશે નહીં, જીવતો રહેશે અને ભગવાનને ભજતો રહેશે. એટલે ભક્તો બચી જશે. ગુણાતીતાનંદ સ્વામીનો ઉત્તર બુદ્ધિપૂર્વકનો છે, જીવનું, ભક્તનું રૂડું થાય એવો ઉત્તર છે. પ્રભુની મરજી જાણીને એમણે જે જવાબ આપ્યો, એ જવાબની પાછળ પણ ભગવાનના જે આશ્રિત છે, ભક્તજન છે, જે આહાર, વિહાર અને સદાચારથી જીવન જીવી રહ્યા છે, એમની આપોઆપ રક્ષા થઈ જવાની છે.

મોટા પુરુષને ગમતું કરવાની આ વાત છે. જેટલામાં રાજાનું રાજ્ય એટલામાં રાણીનું રાજ્ય. પણ, રાણી રાજાની મરજી જાણીને રાજ્ય વહીવટમાં ભાગ લે, એમ સાધુ પણ ભગવાનની મરજી જાણીને કલ્યાણનો માર્ગ આપણને સતત ચીંધતા રહે એવો સુંદર આપણો સદા દિવ્ય, સાકાર, પ્રગટ ને પ્રત્યક્ષની ઉપાસનાનો માર્ગ છે. આ ઉપાસના છે.

**અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવા એ જ છે.**

કર્તા અને હર્તા. કર્તાહર્તા એટલે ? બહુ સાદો અર્થ કરીએ તો આપણે આ શબ્દપ્રયોગ આપણા વ્યવહારમાં પણ વાપરીએ છીએ. કોઈ લગ્નપ્રસંગ કે એવા બીજા પ્રસંગ હોય ત્યારે કહે કે, 'ફલાણા ભાઈ છે એ કર્તાહર્તા છે. એમને મળો, એમને પૂછો.' કર્તાહર્તા છે એટલે કે, મુખ્ય સંચાલક છે. જેમની સૂચના પ્રમાણે બધું ચાલે છે, જેમની મરજી પ્રમાણે બધું ચાલે છે, જેમણે અગાઉથી બધું આયોજન કરીને નક્કી કર્યું છે એમને મળો અને એ કહે એમ કરો. એ સાદા અર્થમાં કર્તાહર્તા થયું. અને જો તમે તમારી મેળે કંઈ કરવા મંડી પડ્યા તો ચોક્કસ ગરબડ થવાની. એમ પણ કર્તાહર્તાનો ભાવ સમજી શકાય.

એનાથી આગળ – 'કરનારા'. જે કંઈ પણ કરી-કરાવી રહ્યા છે. માત્ર કરનારા નહીં, પણ સાથે સાથે કરાવનારા ! પ્રેરક, પ્રવર્તક અને નિયંતા. પ્રભુની શક્તિ માટે આ ત્રણ શબ્દપ્રયોગ છે. પ્રેરક – પ્રેરણા કરનારા. પ્રવર્તક–એનો વિસ્તાર કરનારા. અને ત્રીજું નિયંતા એટલે એની બ્રેક મારનારા–દોરી ખેંચનારા. પ્રેરક, પ્રવર્તક અને નિયંતા. સઘળી શક્તિ એમના હાથમાં છે. બેઠેલાને ઊભો કરવાનો, ઊભેલાને ચાલતો કરવાનો અને ધીરો ધીરો ચાલતો હોય એને દોડતો કરવાનો.

આપણી ઇચ્છા, આપણી માગણી, આપણી મનોકામના પ્રમાણે જો થતું હોય તો ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે ! ન્યાલકરણ, ન્યાલકરણ !

આપણી મનોકામનાની પૂર્તિ થઈ, આપણો પક્ષ લીધો, આપણું ધાર્યું થયું, આપણું માંગેલું મળ્યું ત્યારે એમને કર્તા માનવા, તેઓ જ કરી-કરાવી રહ્યા છે એવા એમને માનવા; એ જરા ગળે ઊતરે એવી વાત છે. હવે, આ વાત કોને ગળે ઊતરે ? તો જે આસ્તિક હોય એને ગળે ઊતરે. પણ જે નાસ્તિક હોય એ તો એમ જ સમજે કે, કર્તા હું જ છું. મારી મહેનતથી થયું છે, મેં કર્યું છે, મેં સૂચન કર્યું હતું કે, આમ કરો તો ઓછી મહેનતે થઈ જશે – એ મારું ડહાપણ છે. આવું માનવું એ નાસ્તિક છે અને ભગવાનની પ્રેરણાથી, ભગવાનની ઇચ્છાથી થયું એમ માનવું એ આસ્તિક છે. આપણે બધા આસ્તિક છીએ, એટલે કર્તામાં તો એમને માનીએ છીએ, પણ બીજું હર્તા-એટલે હરિ લેવું. આપણા ધાર્યા પ્રમાણે ના થાય એને હર્તા કહે છે. અને એ ત્યારે માનવું બહુ અઘરું થઈ પડે છે.

એક સરસ મજાની વાર્તા વાંચી. એક ગૃહસ્થ બહુ ઉદ્યમી હતા, પણ બે પાંદડે થતા નહોતા. એમને નારદજી મળ્યા તો તેમને પૂછ્યું કે, 'મારા ભાગ્યમાં લક્ષ્મી છે કે નહીં ?' નારદજી કહે, 'વિષ્ણુ ભગવાનને પૂછી આવીશ અને આવતીકાલે જવાબ આપીશ.' તમે જોજો આ વાર્તા છે, પણ સમજવા જેવી છે. ભગવાનના જે સંત છે, ગુરુહરિ સાહેબદાદા છે. એમની પાસે આપણે આપણો કશો પ્રશ્ન લઈને જઈએ તો સાહેબ પોતાની બુદ્ધિ, પોતાના તર્કથી આપણને સમાધાન નથી આપતા. સાહેબ ઘડીક પોતાના અંતરાત્માને વિશે જે ભગવાન બિરાજમાન છે, એના તરફ અંતર્મુખ થાય છે. એ પેલી મૂર્તિને જુએ છે અને પછી એ મૂર્તિને ધારીને એ મૂર્તિ જે જવાબ દે એ જવાબ આપણને એમના મુખ થકી સાંભળવા મળે છે. ઘણી વખત સાહેબ તરત જવાબ આપતા નથી. એમને જ્યાં સુધી પ્રભુ અંદરથી પ્રેરણા કરે નહીં, પ્રભુ આપણા પ્રશ્નના સમાધાન માટેનો યોગ્ય ઉપાય બતાવે નહીં ત્યાં સુધી એ એમના ગજવામાંથી કાઢીને આપણને કશું કહેતા નથી. એટલે એમની બુદ્ધિ, એમનો તર્ક, એમની કલ્પના એ જવાબ દેતી નથી. પણ એ જે મૂર્તિને ધારીને જીવી રહ્યા છે, એ મૂર્તિમાંથી જે આવે એ એમના મુખેથી આપણને જવાબરૂપે મળે છે. ભગવાન એમનામાં અખંડ નિવાસ કરીને રહ્યા છે.

સમજજો ! આ સંસારમાં ઘણા બધા અનુભવી માણસો છે, વ્યવહારુ માણસો છે, કોઠાસૂઝવાળા માણસો છે. એમની પાસે જઈને આપણે પૂછીએ તો એ જે જવાબ આપે છે એ એમની વ્યાવહારિક સૂઝ, સમજ, અક્કલ કે અનુભવ પ્રમાણે જવાબ આપે છે. મારા સાહેબદાદા એવી રીતે જવાબ નથી આપતા. એમ નારદજી પણ પેલા ગૃહસ્થને 'લક્ષ્મી ક્યારે પ્રાપ્ત થશે?' એનો જવાબ નથી આપતા ને એમ કહે છે કે, 'વિષ્ણુલોકમાં જઈશ અને વિષ્ણુ ભગવાનને પૂછીને કહીશ.' ભગવાન વિષ્ણુ વિષ્ણુલોકમાં નિવાસ કરે છે. એમનો સંદેશો લઈને એક સંત અખંડ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં આ પૃથ્વીલોકને વિશે મનુષ્યરૂપે મનુષ્યોની વચ્ચે વિચરે છે, એમનું નામ નારદજી છે. એમનો સ્વભાવ આપણને ઝઘડો કરાવવાનો નથી પણ એમનો સ્વધર્મ આપણને ભગવાનનો મહિમા કહેવાનો છે અને ભગવાનની સાથે જોડવાનો છે.

નારદજીએ ભગવાનને જઈને પૂછ્યું અને ભગવાને જે જવાબ આપ્યો એ આવીને આ ગૃહસ્થને કહ્યો કે, 'ભાઈ ! તારા નસીબમાં એક રૂપિયો લખેલો છે. તને રોજનો એક રૂપિયો મળશે.' પેલો તો ધન્ય થઈ ગયો, ખુશ થઈ ગયો. વાહ ! કોઈ દિવસ લક્ષ્મીજીનાં દર્શન નહોતાં કર્યાં, એમાં હવે રોજનો રોકડો, ખણખણતો રૂપિયો મળશે, એ કેટલી મોટી વાત થઈ ! એનું જીવન સંતોષી હતું. ઈશ્વર ઇચ્છાથી, ઈશ્વર કૃપાથી જે મળ્યું તે પ્રભુનો પ્રસાદ અને એનાથી સંતોષ ! એનો અર્થ એવો નથી કે, આપણે બધાએ નસીબ અને પ્રારબ્ધને હાથ જોડીને બેઠા રહેવાનું છે, પુરુષાર્થ કરવાનો નથી. દૃષ્ટાંતરૂપે કહું કે, ગુણાતીતાનંદ સ્વામીએ બહુ સરસ રીતે આ વાત કહી છે. 'આપણા નસીબમાં તો રામપાતર લઈને ભીખ માંગી ખાવાનું લખેલું હતું, પણ આ સંતની કૃપાથી બે ટંકના રોટલા નિરાંતે ખાવા મળે છે, એની ધન્યતા છે !' આ આસ્તિકની સમજણ છે. પણ જેને ભગવાનની કૃપાનો સ્વીકાર નથી, એ નાસ્તિક છે.

થોડો વખત થયો પછી એ ગૃહસ્થના એક સંસ્કારી કન્યા સાથે સગપણ થયાં અને એને હવે અગિયાર રૂપિયા મળવા માંડ્યા. નારદજી પાછા ફરતાં ફરતાં આવ્યા એટલે તેણે પેલી જૂની વાત કહી કે, 'તમે તો આવું કહેતા હતા, પણ હવે તો મને રોજના અગિયાર રૂપિયા મળે છે.' નારદજી તો અંતર્યામી ! સંત અંતર્યામી છે. એમણે પૂછ્યું, 'તારું કંઈ ગોઠવાયું ?' ત્યારે કહે, 'હા ગોઠવાયું', તો કહે, 'બસ વધારાના જે દસ રૂપિયા તને મળે છે એ પેલી જે આવવાની છે એના નસીબના ભાગના મળવાના ચાલુ થયા છે.' વાર્તા ઘણી લાંબી છે. પણ પછી એ ગૃહસ્થનાં લગ્ન થયાં, ઘરે સંતાન આવવાનો સમય થયો, ખોળો ભરાયો. એટલે રોજના જે અગિયાર રૂપિયા મળતા હતા, એ હવે એકવીસ રૂપિયા મળતા થયા. ફરી નારદજી આવ્યા ત્યારે કહ્યું, 'તમે કહેતા હતા કે, મારી પત્ની આવી એના ભાગ્યના વધારે મળવા માંડ્યા છે. તો આ એકવીસ રૂપિયા શેના થયા ?' નારદજી કહે, 'કંઈ સારા સમાચાર છે ?' તો કહે, 'છે ને. સીમંત ઉજવાઈ ગયું છે.' 'બસ તો એ જે બાળક આવી રહ્યું છે, એના હિસ્સાના બીજા દસ વધ્યા.'

આપણે જે રોટલો ખાઈએ છીએ એ કોના નસીબનો ખાઈએ છીએ ? કોના કારણે ખાઈએ છીએ ? એની સાથે આપણો સમગ્ર પરિવાર જોડાયેલો છે. કોઈકના નસીબનું આપણા ભાગે આવે છે ને તોય આપણે એમ માનીએ છીએ કે, મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું ! મારા લીધે, મારા લીધે, મારા લીધે !

(ક્રમશઃ) ◆



**ચાતુર્માસમાં વ્રત, ઉપવાસનો કરવાનો મહિમા તેમજ તે કેવી ભાવનાથી કરવાં તે અંગે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ ૨ જુલાઈ ૨૦૨૦ના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરીથી યુ.એસ.એ.ની એકાદશીની ફૉન સભામાં જ્ઞાનને જીવન બનાવવામાં બળ પૂરે તેવાં અદ્‌ભુત માર્ગદર્શન-આશીર્દાન પાઠવ્યાં, આપણે સૌ તે ધ્યાનથી વાંચીએ અને તે પ્રમાણે જીવવા સંકલ્પ કરીએ તે ભાવે અત્રે પ્રકાશિત કરેલ છે.**

**ધન્યવાદ !** તમે સૌ આવી રીતે દર એકાદશીએ વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી સત્સંગસભા કરો છો, સંતોને એમાં નિમંત્રીને એમના સત્સંગનો લાભ લો છો અને એ રીતે એકબીજાંનાં દર્શન કરો છો, એકબીજાંની સાથે જોડાયેલાં રહો છો. તો એવી મંગલ પ્રાર્થના કે, એવી જ રીતે આપણે ભગવાન અને ભગવાનના સંત સાથે હંમેશાં જોડાયેલાં રહીએ.

ગુરુપૂર્ણિમા આવે છે. જે ભગવાન આપણને મનુષ્ય શરીરમાં જશુભાઈ સાહેબ-સાહેબદાદાના સ્વરૂપે વિચરતા મળ્યા છે, તેમની આપણને પ્રાપ્તિ થઈ ! સાહેબદાદાની આજ્ઞા પ્રમાણે 'મધ્યનું ૧૩મું વચનામૃત શીખવાનું', 'બોલ્યા શ્રીહરિ'નું પદ શીખવાનું અને નિયમ-ચેષ્ટામાં વંદું ના પદ સાથે મહારાજની મૂર્તિનું ચિંતવન કરવાનું; એ સ્વાધ્યાય આપણે છેલ્લા ત્રણ મહિનાથી શરૂ કર્યો છે અને બધા ભક્તો એની સાથે જોડાઈને એકાકાર થયા છે એ બહુ આનંદની બાબત છે !

એકાદશીનું વ્રત. મોટા પુરુષની આજ્ઞાથી, મોટા પુરુષના વચને આપણે જે કાંઈ પણ કરીએ - એ તપ, ત્યાગ, વૈરાગ્ય, દાન, પુણ્ય; એના ફળના દેનારા દાતા મારા ગુરુ છે, મારા પ્રભુ છે, એ નિષ્ઠા પાકી થવી જરૂરી છે. કેટલાક નિર્જળા ઉપવાસ કરે છે, કેટલાક નકોરડા ઉપવાસ કરે છે અને કેટલાક ફરાળી ઉપવાસ કરે છે. સંતો એમ કહે છે કે, દસ ઇન્દ્રિયો અને અગિયારમું મન - એને પ્રભુમાં જોડવું એનું નામ એકાદશી.

વર્ષોથી આપણે સત્સંગમાં સ્વાધ્યાય કરતા રહ્યા છીએ. ખાઈએ છીએ-પીએ છીએ, પહેરીએ છીએ-ઓઢીએ છીએ, હરીએ છીએ-ફરીએ છીએ, નાચીએ છીએ-કૂદીએ છીએ અને વેપાર ને વ્યવહારમાં રચ્યાપચ્યા રહીએ છીએ, ત્યારે આપણી ઋષિસંસ્કૃતિએ પંદર દિવસે એક દિવસ એવો આપ્યો કે, આ ચારેય બાજુ ફેલાયેલી તમારી વૃત્તિઓને તમે પાછી સંકેલો, અંતર સન્મુખ થાવ, હૃદયમાં જ્યાં પ્રભુ બિરાજમાન છે એની ભક્તિ કરો, તેનો પ્રકાશ પ્રગટાવો, એનું બળ ને તેજ વધારો અને એના માટે તપ કરો. તેજ વધારવા માટેનું તપ તેને વ્રત કહેવામાં આવે છે. અને એક વખત વ્રત લઈ જુઓ પછી ખબર પડે કે, કેટલી કસોટીઓ આવે છે.

અત્યારે બહેન-દીકરીઓ બધી ગોયરોનું વ્રત (ગૌરી વ્રત) કરે છે. હું નાનો હતો ત્યારે મારાથી બે વરસ મોટાં બહેન હતાં, એમણે ગોયરોનું વ્રત કરેલું. અમે બધાં તો દાળ-ભાત-શાક-રોટલી ઘરમાં જે કંઈ હોય તે ખાઈએ, પણ બહેને નવું નવું વ્રત લીધું હતું એટલે વારેવારે મમ્મીને પૂછે કે, 'મમ્મી, આ ખવાય ? મમ્મી, આ ખવાય ?' અને એ ખાવાની ઘંટી ચાલુ રહે એટલે પછી કાજુ, બદામ, અખરોટ, અંજીર, એ બધો સામાન લાવી આપ્યો કે, 'આ ખાવ.' ખાવું, ખાવું કરો છો તો એનું નામ પડી ગયું 'ખાવું'. પછી તે કાજુ હોય, બદામ હોય, અંજીર હોય, પિસ્તા હોય, ખારેક હોય, એને આપણે કહીએ છીએ 'ખાવું.' ખાધા વગર તો રહેવાય નહિ એટલે જ્યારે પણ કંઈ ખાવાનું મનું થાય તો આ ખાવ. પણ એ વૃત્તિમાંથી તપશ્ચર્યામાં જવું હોય તો મનનો સંયમ કેળવવો પડે છે. અને ઘણી વખત થાય પણ એવું કે, જે દિવસે આપણે વ્રત રાખ્યું હોય તે દિવસે જ ઘરે સારું સારું જમવાનું બનાવે. ત્યારે આપણને એમ થાય કે, 'અમારે વ્રત હોય ત્યારે જ તમે આવું ખાવ છો.' એટલે આપણું મન ક્યાં છે ? ભગવાનમાં છે ? ગુરુની સ્મૃતિમાં છે ? કે

ખાવાની વાનગીમાં છે ? એ જ્યારે અંતર્મુખી બનીને તપાસ કરીએ ત્યારે આપણને ખબર પડે કે આપણું મન ક્યાં છે ? અને જ્યાં તમારું મન છે ત્યાં તમે છો. એટલે સંતોએ કહ્યું, 'જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.' તો આ એકાદશીનું વ્રત છે, તે મનને કાબૂમાં રાખવાનું, મનને જીતવાનું, મનમુખી મટવાનું અને ગુરુમુખી બનવાનું પર્વ છે. એને આપણે આનંદપૂર્વક ઊજવીએ.

સ્વામિનારાયણ ભગવાને ‘વચનામૃત’માં એક શબ્દપ્રયોગ કર્યો છે કે, આ ઉપવાસ એ 'ઢોરલાંઘણ' જેવો ઉપવાસ ના થવો જોઈએ.' અમેરિકા ને કેનેડા દેશમાં વસનારા લોકોને 'ઢોરલાંઘણ' એટલે શું ? તે ખબર નહીં હોય. આપણા ઘરે ગાય કે ભેંસ હોય કે જે આપણને દૂધ આપે છે, એને આપણે ખીલે બાંધી રાખીએ છીએ. આપણે એને ખાવાનો એનો ખોરાક નીરીએ ત્યારે એ ખાય છે અને પાણી ભરીને મૂકીએ ત્યારે એ પાણી પીએ છે. એને સ્વતંત્રતા નથી કારણ કે, એને તમે સાંકળથી, દોરડીથી ખીલે બાંધી રાખેલ છે. એમ કોઈ વ્યક્તિને આપણે બાંધી રાખીને પરાણે ઉપવાસ કરાવીએ, ખાવાનું ના આપીએ, પીવાનું ના આપીએ અને એ જે ઉપવાસ કરે ત્યારે એના મનનો અને પેટનો જે તરફડાટ; એ 'ઢોરલાંઘણ' જેવું કહેવાય. એ પ્રકારના ઉપવાસનું કશું ફળ મળે નહીં. આપણી સામે અનેક પ્રકારની વાનગીઓ પડી હોય, પણ એને અડકવાનું, લેવાનું કે ખાવાનું મન ના થાય, એવો જ્યારે મનનો સંયમ આપણે કેળવીએ ત્યારે એ સાચું તપ કર્યું કહેવાય.

એવું જે તપ કરે એનું આત્મબળ વધે, એના હૈયામાં રહેલો પ્રભુનો પ્રકાશ વધે. તો નાની નાની બાબતો તરફ આપણે જે ખેંચાઈ જઈએ છીએ, હઠ, માન ને ઈર્ષ્યાના ભાવમાં આપણે જે પડી જઈએ છીએ અને પોતાનો બ્રહ્મપણાનો, આત્માપણાનો આનંદ આપણે જે ગુમાવી દઈએ છીએ; એને પુનઃ પ્રાપ્ત કરવા માટેનું આ શિક્ષણ છે, એ શિક્ષણ એટલે એકાદશીનું વ્રત ! સ્વામિનારાયણ ભગવાને તો કહ્યું કે, 'અમારા સંતો અને ભક્તોને તો રોજ એકાદશી છે.' જગતમાં રચ્યાપચ્યા જીવોને પંદર દિવસે એક વખત પાછા વળવાનું કહ્યું છે, પણ જે ભગવાનના આશ્રિત છે, ભગવાનના ભક્ત છે, ગુરુની પ્રીતિનું પાત્ર બનવાનો જેમના હૈયામાં ઉમંગ છે, હોંશ છે; એને તો રોજ એકાદશી છે. એટલે કંઈ રોજ ભૂખ્યા નહીં રહેવાનું, પણ રોજ મનનું તપ કરવાનું, મનને પાછું વાળવાનું.

‘વચનામૃત ગઢડા પ્રથમ’ના પહેલા વચનામૃતમાં જ સ્વામિનારાયણ ભગવાને આ વાત કરી દીધી છે કે, 'જેની મનની વૃત્તિ અખંડ ભગવાનમાં જોડાયેલી રહે છે, એનાથી અધિક કોઈ મોટી પ્રાપ્તિ નથી.' આખરે તો આપણે આ બધું કર્યા પછીથી એ પ્રાપ્તિ તરફ આગળ વધવાનું છે.

એનાં અલગ અલગ પગથિયાં છે, એની અલગ અલગ રીત છે. આપણી પોતાની પણ અલગ અલગ સ્વભાવ ને પ્રકૃતિ છે. કોઈને ઉપવાસ કરવો ના ફાવે, તો એ ના કરે એટલે એને પુણ્ય નથી મળવાનું એવું નથી. પણ એનું મન ક્યાં રહ્યું ? તે અગત્યનું છે. આપણે એકાદશીનો ઉપવાસ કર્યો હોય અને આપણામાંનો જ કો'ક એકાદશીના દિવસે જમતો હોય ત્યારે આપણને એવો વિચાર આવે કે, 'લ્યો, આ તે કંઈ ભગવાનના ભગત છે ? કહેવાય છે તો ભગત, પણ એકાદશીનો ઉપવાસ તો કરતા નથી.' એવો વિચાર જેને આવ્યો, એણે એકાદશીનો જે ઉપવાસ કર્યો છે, તેનું પુણ્ય બળીને ખાખ થઈ જાય છે. અને શરીરની પ્રકૃતિને કારણે થઈને એકાદશીને દિવસે જે થોડોઘણો પણ ખોરાક લે છે એના માટે આપણે આપણા મનમાં દિવ્યભાવ લાવવો હોય તો આપણે એવો મહિમાનો વિચાર કરી શકીએ કે, 'આજે બધાએ ઉપવાસ કર્યો છે તો એનામાં રહીને આજે ઠાકોરજી પ્રસાદ ગ્રહણ કરી રહ્યા છે !' તો આ મહિમા સમજ્યા અને આ દિવ્યભાવ રાખ્યો કહેવાય.

પણ મોટે ભાગે જે પોતે તપશ્ચર્યા કરતો હોય છે તે સત્ત્વગુણી હોય છે, અને જે તપ કરતો નથી એનો એને બહુ જ અવગુણ આવે છે, એનો બહુ જ અભાવ લે છે. અને એને કારણે પોતે કરેલાં તપનાં પુણ્યને એ પામી શકતો નથી. એટલે આપણે બીજો કરે છે કે નથી કરતો ? તે જોવાને બદલે આપણે આપણા પોતા પૂરતી નિસ્બત રાખીને વ્રત અને તપ કરવાં જોઈએ. આપણાં સત્સંગી ઘરોમાં ઘણી માતાઓ પોતાનાં સંતાનોને પરાણે એકાદશી કરાવે છે કે, 'આજે એકાદશી છે, આજે કશું ખાવા નહીં મળે.' અને ખાવા મળે તો કેવું મળે ? તળેલું, ફ્રિજમાં રાખી મૂકેલું હોય તે કાઢી કાઢીને ખવડાવે. એના કરતાં સાદું ભોજન, સાત્ત્વિક ભોજન, પ્રેમથી શ્રી ઠાકોરજીને ધરાવીને જો જમીએ, તો એ એકાદશીથી પણ અધિક છે. એનો અર્થ હું વ્રત નહીં કરવાનું, ઉપવાસ નહીં કરવાનો એમ કહેતો નથી. પણ ગઈકાલનો જ દાખલો જોઈએ તો, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે એમના સેવકોને એમ કહ્યું કે, ‘બધા સંતોને ને બધાં મંદિરના કોઠારીઓને સૂચના આપો કે, અત્યારે આ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે કોઈએ નિર્જળા ઉપવાસ કરવો નહીં.' બાકી, મહંત સ્વામીની પ્રકૃતિ પ્રમાણે તો કોઈ નિર્જળા ઉપવાસ કરે તો મહંત સ્વામી મહારાજ અત્યંત રાજીપો બતાવે એ અમે જોયું છે.

હવે આ નિર્જળા ઉપવાસની જેને ગ્રંથિ પડી ગઈ હોય એ એવો વિચાર કરે કે, લ્યો, આ મહંત સ્વામીએ તો પાણી પીવાની છૂટ્ટી આપી. પણ મહંત સ્વામીએ વૈજ્ઞાનિક કારણથી છૂટ્ટી આપી. એમણે એમ કહ્યું કે, ‘આ કોરોનાની મહામારી છે અને આપણે નિર્જળા ઉપવાસ કરીએ

તો આપણું શરીર ડિ-હાઈડ્રેટ થાય, અને ડિ-હાઈડ્રેટ બૉડીમાં જંતુઓનો હુમલો થવાની શક્યતાઓ વધી જાય, માટે પ્રવાહી પીજો.' મહંત સ્વામી મહારાજને મેં દાદર મંદિરમાં યોગીબાપાની નિશ્રામાં સંતોની સાથે રહેતા જોયા છે. તપ, ત્યાગ, વૈરાગ્ય અને એટલું બધું તપશ્ચર્યાભર્યું એમનું જીવન ! અને આજે પણ તમે એમના શરીરની છટા જુઓ તો એ જ એમનું તપ, એ જ એમના મોઢા ઉપરનું તેજ ! એ જ વ્યક્તિ પાણી પીવાની છૂટ આપે છે.

હવે કોના વચને તમે શું કરો છો એ બહુ મહત્ત્વનું છે, બહુ અગત્યનું છે. શાસ્ત્રોમાં શું લખ્યું છે ? લોકો શું કહે છે ? આજુબાજુવાળા, આડોશી-પાડોશી એ લોકો શું કરે છે ? એના ઉપર વિશેષ ધ્યાન રાખનારા લોકોને ગુરુ શું કહે છે ? પ્રભુ શેમાં રાજી છે ? એવું ધ્યાન કેન્દ્રિત કરવું ; એ પણ મનનું તપ છે. મોટે ભાગે સંસાર-વ્યવહારમાં સારા દેખાવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. પણ ખરેખર અંદરથી આપણે કેટલા સારા થયા ? એની અંતર-તપાસ આપણે કરીએ છીએ ? અને એ અંતર-તપાસ કરવાનો દિવસ એટલે એકાદશીનો દિવસ. એ દિવસે ઈન્દ્રિયોને લાડ લડાવવાના ઓછા કરીને, એ મારી ઈન્દ્રિયો પ્રભુના કામમાં, પ્રભુની સેવામાં કેટલી જોડાઈ ? કેટલી વપરાઈ ? કેટલું પુણ્ય કમાયા ? એનો હિસાબ કરવાનો દિવસ.

સ્વામિનારાયણ ભગવાને 'વણિકના નામાનું' એક વચનામૃત કહ્યું છે. વણિક જેમ વેપાર કરે, પછી સાંજ પડે હિસાબ મૂકે કે, આટલી આવક થઈ, આટલો ખર્ચો થયો અને દિવસ આખરે આપણને શું મળ્યું ? એમ, આ એકાદશીના દિવસે પણ આપણે એમ વિચાર કરીએ કે, બે અઠવાડિયાં-૧૪ દિવસ આપણે સંસાર-વ્યવહાર, વેપાર, નોકરી, ધંધો, કુટુંબ-પરિવાર, તે બધાંની જફામાં ક્યાં સમય કેટલો ગયો ? એનું કાંઈ ધ્યાન જ રહ્યું નથી. તો ચાલો, આજે વિચાર કરીએ કે, આપણે કેટલા પ્રભુના થઈને જીવ્યા ? કેટલા પ્રભુપ્રીત્યર્થે-ભગવાન રાજી થાય એવું જીવ્યા ? અને પ્રભુપ્રીત્યર્થે શું કર્યું છે ? એ આપણે જો નક્કી ના કરી શકતા હોય, તો ગુરુની આજ્ઞા શું છે ? એ ઉપર વિચાર કરીએ. તો ગુરુએ આપણને જે આજ્ઞા કરી છે, એ આજ્ઞા એટલા માટે કરી છે કે, પ્રભુને ગમે એવું આપણું જીવન બને. હવે ગુરુ એમ કહેતા હોય કે, પાણી પીધા વગર ઉપવાસ કરો તો પાણી પીધા વગર કરવાનો અને ગુરુ એમ કહેતા હોય કે, પાણી પીને ઉપવાસ કરો તો પાણી પીને કરવાનો. ઉપવાસથી કલ્યાણ નથી, કલ્યાણ તો આજ્ઞાપાલનથી છે.

સ્વામિનારાયણ ભગવાને એ પણ 'વચનામૃત'માં લખી દીધું કે, કોટિ વ્રત કરો, કોટિ તપ કરો, કોટિ દાન કરો, કોટિ યજ્ઞ કરો, પણ મારી ઓળખાણ થતી નથી, મારી પ્રાપ્તિ થતી નથી. એ તો એવા કોઈ ભગવદ્ સ્વરૂપ સંતની સાથે તમે જોડાવ અને એમના વચને તમે જીવવાનું શરૂ કરો ત્યારે પ્રભુની ધીરે ધીરે ઓળખાણ થતી જાય છે. અને એ ઓળખાણ માટે પહેલાં ગુરુની ઓળખાણ કરવી પડે કે, ગુરુ કોણ છે ? ગુરુ શું છે ? એમની શી શક્તિ છે ? એમની શી સામર્થી છે ? અને એટલે સંતોએ પણ ગાયું, 'ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય, બલિહારી ગુરુદેવ કી જિસને ગોવિંદ દિયો દિખાય.' ભગવાન શું છે એ તો મને ખબર જ નહોતી. ભગવાન ક્યાં છે તેય મને ખબર નહોતી. નાનપણથી લોકોની વાતો સાંભળી, માતાપિતાની વાત સાંભળી અને અદ્ધર આકાશમાં ઉપર ભગવાન લટકીને રહ્યા છે એવી એક કલ્પનાથી આખી જિંદગી જીવી ગયા. એટલે ગુરુનાનકે કહ્યું કે, 'ગુરુ અને ગોવિંદ - ભગવાન અને સંત બંને ભેગા ઊભા રહ્યા હોય અને હું સામો જાઉં કે એ મને દર્શન દે, તો હું કોને પહેલો પગે લાગું ? તો હું પહેલો ગુરુદેવને પગે લાગું. કારણ કે, એ ગુરુએ મને ઓળખાવ્યા કે, જો આ પ્રભુ છે ! ભગવાનનું પરમ અને દિવ્ય શક્તિનું ધારક આ તત્ત્વ છે ! જેને આપણે ભગવાન કહીએ છીએ, જેના અનેક અવતારો થઈ ગયા અને અનેક નામથી આપણે એમને જપીએ છીએ ; પણ એમની સાથે આપણો સંબંધ જોડનારા અને એમની યોગ્ય ઓળખાણ કરાવનારા એ તો મારા ગુરુ છે. અને એ ગુરુ પણ પ્રગટ હોવા જોઈએ કે, એમને હું મળી શકું, એમની સાથે વાતચીત કરી શકું, તેઓ મારી વાત સાંભળી શકે-સમજી શકે અને તેઓ મારા પ્રશ્નોના જવાબ અને મારા મનની મૂંઝવણોનો ઉકેલ આપી શકે. એવો જે સંવાદ, એને 'ગુરુગીતા' કહેવામાં આવી છે.

'ગીતા' એ શ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે. અને એ બંને મનુષ્ય આકૃતિમાં છે. શ્રી કૃષ્ણ તો પરમ પરમાત્માનું સ્વરૂપ છે, પરમેશ્વર છે, પુરુષોત્તમ છે. પણ અર્જુનની માફક માણસ જેવા માણસ થઈને તેઓ અર્જુનની સાથે સંવાદ કરે છે અને અર્જુનના પ્રશ્નોનું સમાધાન કરે છે. અર્જુનના મનમાં જે ખોટી અણસમજણ અને પોતે મનથી માનેલા ધર્મો અને સત્ય-અસત્યની જે બધી વ્યાખ્યાઓ ; તે બધી ભગવાન ખોટી કરીને સમજાવે છે, અને સાચી વ્યાખ્યાનો એકડો માંડી આપે છે. આ ગુરુનું માહાત્મ્ય છે !

એવી ગુરુપૂર્ણિમા આવી રહી છે. આ કોરોનાની મહામારીને કારણે આપણે મોટી સંખ્યામાં એક ઠેકાણે ભેગા થઈને ગુરુપૂજન, પાદુકાપૂજન, ગુરુભેટ અર્પણ કરી શકવાના નથી, તો આ વર્ચ્યુઅલ માધ્યમથી, ટેલિફોનના માધ્યમથી, અરસપરસ ભક્તો સાથે જોડાઈ,

સંતો સાથે જોડાઈ, એમનામાં રહેલા ગુરુના પરમ ભાવની સાથે જોડાઈ, પ્રભુના ભાવ સાથે જોડાવાની ભક્તિ અદા કરીએ એ ગુરુપૂજન છે !

મને યાદ છે, સ્વામિનારાયણ મહામંત્રની દ્વિશતાબ્દીના વર્ષે-૨૦૦૦ની સાલમાં સાહેબદાદાએ આપણને સૌને મંત્રલેખનનો સૌથી પહેલો સ્વાધ્યાય આપેલો. અને એ વર્ષે જે ગુરુપૂર્ણિમા આવી ત્યારે સાહેબદાદાએ આપણને એક સૂત્ર આપ્યું કે, 'મંત્રલેખન એ જ ગુરુ પૂજન.' કોનો મંત્ર ? સ્વામિનારાયણ ભગવાનનો મંત્ર. અને કોની આજ્ઞા ? ગુરુની આજ્ઞા. ગુરુની આજ્ઞાથી એક પાનું મંત્રલેખન લખીએ એ બહુમોટું તપ થઈ ગયું, ગુરુ-આજ્ઞાનું પાલન થઈ ગયું.

'તમે મારા કપાળમાં ચાંદલો કરશો, મારા પગના અંગૂઠા ઉપર ચંદન ચર્ચશો, ૨૦૦-૫૦૦ રૂપિયાનું કવર મારા પગમાં મૂકશો કે ઠાકોરજીના ગલ્લામાં ધરશો, એના કરતાં પણ વિશેષ, મારી આજ્ઞાનું પાલન કરીને 'સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ કરશો તો હું વિશેષ રાજી છું; એમ સાહેબદાદા આપણને સૌને સમજાવવા માગતા હતા. એ વાતને અત્યારે ૨૦ વર્ષ થયાં, ત્યારથી આપણા ભક્તોને મંત્રલેખનનો એક બહુ જ સરસ સ્વાધ્યાયયજ્ઞ થઈ ગયો છે. આજની તારીખે સાહેબદાદા પોતે સવાર-સાંજ મંત્રલેખન કરે છે. સેંકડોની સંખ્યામાં મંત્રપોથીઓ લખાઈ લખાઈને બધા જ્યારે અહીં મંદિરે આવે ત્યારે ભગવાનના ચરણોમાં ધરી જાય છે કે, આ અમારી ભક્તિ, આ અમારો ભક્તિયજ્ઞ, આ અમારી આજ્ઞાપાલનનું ફળ ! અને સાહેબદાદાએ, શાંતિદાદાએ રાજી થઈને નૂતન મંદિરની મૂર્તિઓની જે પીઠિકા બનાવી કે જેની ઉપર મૂર્તિઓનું સ્થાપન થયું, એ પીઠિકામાં દેશ-વિદેશના ભક્તોએ લખેલી મંત્રપોથીઓને અંદર પાયામાં પધરાવી અને એની ઉપર ભગવાનને બિરાજમાન કર્યા. બધા ભક્તોનો, નાનાં-મોટાં દેશ-વિદેશનાં દીકરા-દીકરીઓ, નાનાં નાનાં બાળકો કે વૃદ્ધો; જેમણે જેમણે યથાશક્તિ ભક્તિ અદા કરી અને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...નો જાપ કર્યો, એ જાપ સાહેબદાદાએ પ્રભુનાં શ્રીચરણોમાં અર્પણ કર્યો. કાયમ માટે એ મંત્રપોથીઓની પ્રભુનાં ચરણારવિંદમાં સ્થાપન કરી દીધી.

એમ, જુદા જુદા સમયે પ્રગટ ગુરુહરિ આપણને શું આજ્ઞા આપે છે એનું અનુસંધાન રાખવું. એટલે કે, એ વાતને મન ઉપર લેવી પડે, એમાં મન પરોવવું પડે. જેમ પહેરવામાં, ઓઢવામાં, ખાવામાં, પીવામાં, પૈસા કમાવવામાં ને પૈસા વાપરવામાં આપણી વૃત્તિઓ ને આપણું મન જોડાય છે; એમ ગુરુનું વચન - આજ્ઞાપાલનમાં આપણું મન જોડવું પડે. 'તુમ બક બક, હમ સુન સુન.' એક કાનેથી સાંભળ્યું ને બીજે કાનેથી નીકળી ગયું, એમાં કાંઈ દૈવત આવે નહીં, એમાં કાંઈ ફળ પ્રાપ્ત થાય નહીં.

જીવનનું પરિવર્તન કરવું હોય, સ્વાભાવિક પ્રકૃતિનું, સ્વભાવનું પરિવર્તન કરવું હોય તો આ વાતને મન પર લેવી પડે. અને મન પર લઈને, નહીં, મારા ગુરુની આજ્ઞા છે ! નહીં, મારા ગુરુનો આદેશ છે ! મારાથી મારા ગુરુ રાજી ના થાય એવું કરી જ ના શકાય, એવું બોલી જ ના શકાય, એવું વિચારી જ ના શકાય ! એણે મનની અંદર મૂર્તિ ધારી. પણ આના માટે આપણે થોડા સજાગ થવું પડે. ચીલાચાલુ વર્ષોથી ચાલ્યો આવતો સત્સંગ અને ચીલાચાલુ થતાં વ્રત-ઉપવાસનાં બધાં પર્વો અંગે વિચાર કરવો પડે.

આજે દેવપોઢી એકાદશીથી ચાતુર્માસ શરૂ થાય છે. ભગવાન સૂઈ ગયા અને આપણેય સૂઈ જવાનું. ચાર મહિના તમેય આરામ કરો અને અમેય આરામ કરીએ, દિવાળીએ જોયું જશે. એમ પણ દેવપોઢી કહેવાય. 'ગુરુ ગયા ગોકળ અને વાંહે થઈ ગઈ મોકળ.' કોઈ જોનાર નથી, કોઈ કહેનાર નથી, કોઈ ટોકનાર નથી તો આપણને ઠીક લાગે તેમ કરોને ! તો એ મનમુખી જીવન કહેવાય. ગુરુમુખી જીવન કરવું હોય તો ગુરુની આજ્ઞાનું અનુસંધાન અને આજ્ઞા એ જ મૂર્તિ ! સ્વામિનારાયણ ભગવાને એક 'વચનામૃત'માં કીધું છે કે, 'આજ્ઞા ભેળી મૂર્તિ ચાલી આવે છે.' અમારી આજ્ઞાથી તમે જ્યાં જશો ત્યાં અમે તમારી ભેળા હોઈશું, તમારી આગળ આગળ હોઈશું, તમારી સર્વ પ્રકારે રક્ષા કરીશું. પણ મને મૂકીને, મને ભૂલીને જશો તો પછી ભટકશો, આ સંસારમાં ભૂલા પડી જશો. આ ભવાટવીમાં ક્યાં રખડી જશો તેનો કોઈ ભાવ નહીં પૂછે. માટે થોડી જાગ્રતતા આવે એટલે આ ચાતુર્માસ છે. ભારતીય સંસ્કૃતિમાં ચાતુર્માસ એ વિશેષ ભજન, ભક્તિ, તપ અને વ્રત કરવાનું પર્વ છે.

શ્રાવણ મહિનો ને આ વર્ષે તો પાછો અધિક માસ પણ આવે છે. આસો મહિનો અધિક માસ છે. એટલે ઘણાં બધાં પર્વો આવશે ને ઉજવાશે. ગુરુપૂર્ણિમા આવશે પછી રક્ષાબંધન આવશે પછી શ્રી કૃષ્ણ જન્માષ્ટમી આવશે ને એવાં કેટલાં બધાં પર્વો આવશે. આ બધાં પર્વો વ્રત-ઉત્સવનાં જ પર્વો છે. એ બધાં પહેરવા-ઓઢવાનાં, ખાવા-પીવાનાં, નાચવા-કૂદવાનાં પર્વો નથી, પણ અંતર-અભિમુખ થવાનાં પર્વો છે કે, હું કેટલો ગુરુનો થયો ? હું કેટલો પ્રભુનો થયો ? મેં કેટલી ગુરુની આજ્ઞાનું પાલન કર્યું ને ક્યાં ચૂક થઈ ગઈ ? હવે એનો પશ્ચાત્તાપ કરીએ, પરિતાપ કરીએ અને પાછા વળીએ. ઘડીક પાછા વળીને પોતાની વૃત્તિઓને પાછી વાળવાનો પ્રયત્ન કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# સત્સંગ સમાચાર

### માણાવદર મંદિર પાટોત્સવ અને કાકાજી મહારાજ પ્રાગટ્યોત્સવ

જૂન મહિનો તીર્થભૂમિ માણાવદર ખાતે બ્ર.સ્વ. કાકાજી મહારાજના પ્રાગટ્યપર્વ અને શ્રી અક્ષરદેરીના પાટોત્સવનો આનંદ લઈને આવે છે. વર્ષો પૂર્વે ગુરુદેવ યોગીજી મહારાજે માણાવદરમાં મંદિર કર્યું અને યોગાનુયોગ બ્ર.સ્વ. કાકાજી મહારાજના પ્રાગટ્યદિને જ મંદિરમાં મૂર્તિઓ પધરાવી. વળી, સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરીને ગોંડલ અક્ષરદેરી જેવાં જ ઐશ્વર્ય અને પ્રતાપ આ દેરીને પણ અર્પ્યાં. સદ્ભાગ્યે આ મંદિરની સેવા અનુપમ મિશનના સંતોને પ્રાપ્ત થઈ, તેઓ ખૂબ ભાવથી દેરીની સેવા-પૂજા કરે છે અને પ્રતિ વર્ષ પાટોત્સવ પર્વ યોજે છે.

કોરોના મહામારીનો આ સમય હોવાથી આ વર્ષે દેરીના ૫૬મા પાટોત્સવ અને કાકાજી મહારાજના ૧૦૩મા પ્રાગટ્યદિન નિમિત્તેના જાહેર કાર્યક્રમ બંધ રખાયા, પણ ડિજિટલ માધ્યમથી આ પર્વો ભક્તિભાવે ખૂબ સુંદર રીતે ઉજવાયા, જેમાં મોટી સંખ્યામાં દેશ-પરદેશના ભક્તો જોડાયા. ઉજવણીનો પ્રારંભ ૭ જૂનના રોજ થયો. કાકાજી મહારાજની સ્મૃતિમાં કીર્તન આરાધના યોજાઈ, જેમાં સંતો-યુવાનોએ કીર્તન-ભક્તિ અર્પણ કરી. ૮થી ૧૧ જૂન દરમિયાન 'શ્રી અક્ષરદેરી અનુભવ માહાત્મ્યગાન' કાર્યક્રમ અંતર્ગત દેશ-વિદેશના અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ભક્તોએ રાત્રિ કૉન્ફરન્સ સભામાં યોગીબાપાના આશીર્વાદ કે, 'અક્ષરદેરી, માણાવદરમાં શ્રદ્ધાથી જે ધૂન-પ્રાર્થના કરશે, તેના મનોરથ-સંકલ્પો સાક્ષાત્ સ્વામી-શ્રીજી પૂરા કરશે' તેવાં અક્ષરદેરીનાં દિવ્ય અનુભવ-દર્શન કરાવી મહિમાગાન કર્યાં. નિત્ય સત્સંગસભાઓમાં સંતોએ પણ વિશેષ મહિમા ગાઈ, સૌને આશીર્વાદ પાઠવ્યા. ૧૨ જૂન, બ્ર.સ્વ. કાકાજી પ્રાગટ્યદિને મંદિરની પાટોત્સવવિધિ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ ઉત્પલદાસ ને સાધુ અશોકદાસ દ્વારા સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન મુજબ કરાવવામાં આવી ત્યારે મોગરીના પારમિતા મંદિરે સાધુ ગોવિંદદાસ, સાધુ છગનદાસ, સાધુ ચંદુદાસ યજમાનપદે બિરાજ્યા. માણાવદરથી સદ્ગુરુ સંત પૂ. અરુણદાદા અને સંતો પણ આ વિધિમાં જોડાયા. અદ્ભુત અને અલૌકિક ઢબે પાટોત્સવ વિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે ડિજિટલ માધ્યમથી ૬૦૦થી વધુ પરિવારો અપૂર્વ ભક્તિભાવથી જોડાયા. માણાવદરના તથા દેશ-પરદેશના સૌ ભક્તોએ ઘરે અન્નકૂટ બનાવી, ઘરમંદિરમાં શ્રી ઠાકોરજીને ધરાવ્યો. અંતે સદ્ગુરુ સંતો પૂ. અરુણદાદા, પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવ્યા. કાકાજી મહારાજ અને અક્ષરદેરીના મહિમાની અલૌકિક વાતો કરી સૌને યથાર્થ સમજણ આપી. ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ કાકાજી મહારાજનું ગુરુભક્તિભર્યા જીવનનું મહિમાભર્યું દર્શન કરાવી, યોગીબાપાના અલૌકિક કાર્યને દર્શાવ્યું. સ્થાનિક સંતોના મહિમા ગાઈ, સૌની ભક્તિને બિરદાવી અને શ્રી અક્ષરદેરીના પ્રતાપનો અનુભવ કરાવી અદ્ભુત આશીર્વાદ પાઠવી સૌને કૃતાર્થ કર્યાં. આમ, સૌએ આ પર્વોનો બ્રહ્માનંદ માણ્યો. ◆

### બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ પ્રાગટ્યપર્વ

યોગીજી મહારાજના લાડીલા બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજનો ૧૦૩મો પ્રાગટ્યદિન ૧૨ જૂન ૨૦૨૦ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના પારમિતા મંદિરમાં ઉજવાયો. આ પ્રસંગે દેશ-પરદેશના સેંકડો અક્ષરમુક્તો કૉન્ફરન્સ કોલ દ્વારા સભામાં જોડાયા અને માહાત્મ્યનાં શ્રવણ કરી ધન્ય થયા.

સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકાએ કાકાજી મહારાજના જીવનનું અલૌકિક દર્શન કરાવ્યું. સ્વાનુભવોના જૂના પ્રસંગોનાં સંસ્મરણોને વાગોળી કાકાજીની દિવ્ય ગુણાતીત અવસ્થાને છતી કરી. ગુણાતીત સમાજની સ્થાપના અને ગુણાતીત ભાવના પામવા ઝંખતા સાધકોનાં જીવનઘડતરમાં કાકાજીએ કરેલાં અકલ્પનીય કાર્યને વ્યક્ત કર્યું. સૌએ ગુરુદેવ યોગીજી મહારાજ દ્વારા પ્રાપ્ત થયેલ જ્યોતિર્ધર કાકાજી મહારાજને ભક્તિભરી માહાત્મ્યસહિત વંદના ધરી. ◆

### સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યપર્વ

ગુરુદેવ યોગીજી મહારાજના 'સાધુરામ' અને સંતભગવંત સાહેબજીના અત્યંત લાડીલા એવા સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો તિથિ મુજબ પ્રાગટ્યદિન 'રથયાત્રા'-૨૩ જૂને અને ભક્તોનો ભાવ છલકાયો તેથી બીજા દિવસે પણ ડિજિટલ માધ્યમથી બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પારમિતા મંદિરે ઉજવાયો, જેમાં દેશ-વિદેશથી સેંકડો અક્ષરમુક્તો જોડાયા અને ભક્તિ અદા કરી.

૨૩ જૂનના રોજ સવારની મહાપૂજા બાદ સાધુ પૂ. ભરતદાસજીએ તેમજ સાંજની સભામાં ભાવિશાબહેન, યુવાન સાધુ રવિદાસ, સાધુ પિનાકીનદાસ આદિએ મહિમાગાન કર્યાં અને પૂ. અશ્વિનદાદાના અદ્ભુત જીવનમાહાત્મ્યનું દર્શન કરાવ્યું. ત્યારબાદ સદ્ગુરુ સંત પૂ. રતિકાકાએ આશીર્વાદ પાઠવ્યા અને જૂનાં સંસ્મરણો વાગોળીને પૂ. અશ્વિનદાદાના ગુરુભક્તિભર્યા જીવનનું અલૌકિક દર્શન કરાવ્યું.

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ અદ્‌ભુત શીખ આપી કે, 'સૌમાં પ્રભુ જુઓ, સૌના દાસ થાઓ. કોઈની હાજરીમાં વધુ વખાણ ન કરો અને કોઈની ગેરહાજરીમાં તેની નિંદા પણ ન કરો.' આવી માર્મિક જ્ઞાનસમજ સાથે સંતભગવંત સાહેબદાદાનો મહિમા ગાઈ આશીર્વાદ પાઠવ્યા.

૨૪ જૂનના રોજ માહાત્મ્યદર્શન ડિજિટલ સભામાં યુ.કે.થી સતીશભાઈ ચતવાણી, મુંબઈના જગતભાઈ કિલ્લાવાલા, અમેરિકાથી ડૉ. તેજનભાઈ અને ડૉ. વીરેન્દ્રભાઈ જોડાયા ને અદ્‌ભુત માહાત્મ્યગાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી પૂ. અશ્વિનદાદાના કલ્યાણકારી ગુણોનાં વર્ણન કર્યાં. ખૂબ મોટી સંખ્યામાં જોડાયેલ સૌ અક્ષરમુક્તોએ માહાત્મ્યવર્ષામાં ભીંજાઈ આનંદ માણ્યો.◆

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

ગુરુપૂર્ણિમાનો પર્વ હિન્દુ આધ્યાત્મિક સંસ્કૃતિમાં મહામંગલકારી ગણાય છે. શિષ્ય પોતાના ગુરુચરણે હૃદયઅર્ઘ્ય અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ દિવસે સઘળાં અર્થ, કામની પ્રવૃત્તિઓ છોડી શિષ્ય દાસભાવે ગુરુદર્શને, ગુરુપૂજન અર્થે ગુરુ પાસે પધારે છે અને મોક્ષની પ્રાર્થના કરે છે. ગુણાતીતભાવને પામેલ ગુરુ મોક્ષ પમાડે છે. એટલેજ ગુરુદેવ યોગીજી મહારાજ કહેતા કે, 'પ્રગટ ગુરુમાં પ્રતીતિ તે મોક્ષ !' આપણને પણ એવા જ ગુણાતીત ગુરુની પ્રાપ્તિ સંતભગવંત સાહેબજી સ્વરૂપે થઈ છે, જે સ્વયં યોગીજી મહારાજની જ કૃપા છે.

સંતભગવંત સાહેબજીએ સૌનાં જીવનને સુખ, શાંતિ અને આનંદથી ભરવાનું અલૌકિક કાર્ય કર્યું છે. પંચવિષય અને ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવમાંથી મુક્ત કરી નિર્બંધ કર્યા છે. શરણે આવેલા ભક્તને ઉપાસનાની સાચી સમજ આપી સર્વ પ્રકારે સુખિયા કર્યા છે. અથાક ભીડો વેઠી, અખૂટ ધીરજ રાખી, ભક્તોમાં અપ્રતિમ વિશ્વાસ દાખવી કેવળ પ્રેમ આપીને સંતભગવંત સાહેબજીએ પ્રત્યેક ભક્તના જીવનમાં સંસ્કારોનું સિંચન કર્યું છે, જેને પરિણામે સૌનું આધ્યાત્મિક ઉત્થાન શક્ય બન્યું છે. છતી દેહે અક્ષરધામનાં સુખ ભોગવતા સૌ થયા છે, જે ગુરુની સૌ પર વિશેષ કૃપા છે !

આવા ગુરુ પ્રત્યેના ઋણ અદા કરવાના ભાવથી અનુપમ મિશનનાં પ્રત્યેક મુખ્ય કેન્દ્રોમાં ગુરુપૂર્ણિમા અત્યંત ભાવથી પ્રતિ વર્ષ ઉજવાય છે. પરંતુ, કોરોના વૈશ્વિક મહામારીને પરિણામે જાહેર ઉત્સવ શકાય બન્યો નહીં તેમ છતાં ડિજિટલ માધ્યમથી ગુરુપૂર્ણિમા ઉત્સવનાં આયોજન સંતોએ કર્યાં, જેમાં વિશ્વ સમસ્તના હજારો ભક્તો જોડાયા. ૫ જુલાઈ ૨૦૨૦, રવિવારના રોજ ગુરુપૂર્ણિમાના મહામંગલકારી પર્વની ભક્તિભીની ઉજવણી સંપન્ન થઈ. પ્રથમ વખત જ એક સાથે અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ભારત આદિ દેશોના સૌ ભક્તોએ ભેગા મળીને ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરી. આખાય કાર્યક્રમનું જીવંત પ્રસારણ અનુપમ મિશનની યૂટ્યૂબ ચૅનલ પરથી કરવામાં આવ્યું.

ગુરુપૂર્ણિમાના મંગલકારી દિવસ પહેલાં બીજીથી ચોથી જુલાઈ ત્રિદિવસીય રાત્રિસભાનું આયોજન પણ આ નિમિત્તે થયું. આ સભાઓમાં પણ વિશ્વ સમસ્તના અનેક ભક્તોએ અને ખાસ કરીને યુવા ભક્તોએ ગુરુમાહાત્મ્યનાં ગાન કરી ભક્તિ અદા કરી.

૨ જુલાઈના રોજ સાધુ પૂ. ગોપાલદાસ, સુરતથી રાજુભાઈ, અમદાવાદથી દિવ્યાંગભાઈ, ખંભાતથી મીરાંબહેન, મોરબીથી મહેશભાઈએ માહાત્મ્યગાન કર્યાં. ૩ જુલાઈના રોજ સાધુ પૂ. સતીશદાસ, યુ.કે.થી સાધુ પૂ. હિંમતદાસ સ્વામી, ઑસ્ટ્રેલિયાથી શીતલબહેન, કેનેડાથી દીપકભાઈ, રાજકોટથી મુકુંદભાઈ તથા સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ મહિમાગાન કર્યાં. ૪ જુલાઈના રોજ યોજાયેલ સભામાં અમેરિકાથી ડૉ. જિતુભાઈ, સ્મિતામામી, ચેતનભાઈ, અમદાવાદથી સાધુ પૂ. ગૌતમદાસ, ઑસ્ટ્રેલિયાથી કેયૂરભાઈ દ્વારા ડિજિટલ માધ્યમથી માહાત્મ્યગાન કરાયું. ત્રણેય દિવસની સભામાં વિશ્વના વિવિધ દેશોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ભક્તો જોડાયાં અને ભાવાર્પણ કર્યાં.

૫ જુલાઈ, ગુરુપૂર્ણિમાના મંગલપર્વની સભા તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં યોગીપ્રસાદના વિશાળ સભાખંડમાં સામાજિક અંતર જાળવીને યોજાઈ, જેમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ગુરુપૂજન અને માહાત્મ્યદર્શન કરાવાયાં. મુંબઈથી હેતનભાઈ, અમેરિકાથી સાધુ પૂ. જયેશદાસ, યુ.કે.થી સતીશભાઈ ચતવાણી, ભાવિષાબહેન આદિએ અકલ્પ્ય મહિમાનાં ગાન કરી ગુરુભક્તિ અદા કરી. ગુરુ પ્રત્યેના કૃતજ્ઞભાવ આ પ્રસંગે અંતરથી સર્યા, જે સહજ સૌને સ્પર્શ્યા.

સાધુ પૂ. દિલીપદાસે શ્રી ઠાકોરજી મહારાજ, ગુણાતીત સ્વરૂપો, શ્રી હરિપાદુકા તથા ગુરુદેવ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં સૌ વતીથી ભાવથી ગુરુપૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ ઑનલાઈન જોડાયેલ સૌ ભક્તોએ પણ સંતોનાં માર્ગદર્શન મુજબ ઘરમંદિરમાં ગુરુમૂર્તિનાં પૂજન કર્યાં. આ અલૌકિક પૂજનવિધિમાં સૌએ પ્રગટ અને પ્રત્યક્ષ ભાવે શ્રદ્ધાથી પૂજન કરવાના ભાવ જોડ્યા ને અલૌકિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરી. વિશેષ સૌએ ઘરે હોવા છતાં પણ ગુરુપૂર્ણિમા નિમિત્તે સેવાઅર્ઘ્ય અર્પણ કર્યાં. આવી વૈશ્વિક મહામારીની પરિસ્થિતિમાં શુદ્ધ હૃદયભાવ અર્પણ કરનાર સૌ ભક્તોની ભક્તિને બિરદાવી, તેઓના અંતરના ભાવ સંતભગવંત સાહેબજીએ સ્વીકાર્યા.

ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ આશીર્વાદની વર્ષા કરી, જેને પામવા સૌ અત્યંત આતુર હતા. સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોની સમર્પણભક્તિને વંદના ધરી. કોરોના મહામારીમાં સૌને પ્રતિકૂળતા હોવા છતાં ભજન, ભક્તિ અને સેવારૂપી અર્ઘ્ય અર્પણ કરનાર સૌ ભક્તોને વધાવ્યા. ભિન્ન ભૌગોલિક પરિસ્થિતિ અને ભિન્ન સમય હોવા છતાં ગુરુદર્શન કરવા તત્પર ભક્તોની ભક્તિને બિરદાવી. વિશેષ આશીર્વાદ આપ્યા કે, 'ગુરુરૂપ થવું એ સાચું ગુરુપૂજન ! ગુરુના ગુણ પ્રગટાવવા એ ખરું ગુરુપૂજન !' વળી, સાહેબજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ અને નૂતન મંદિરના નિર્માણ સમયે સૌ ભક્તોએ કરેલ અપાર સેવાને પણ યાદ કરી, સૌનો મહિમા ગાયો. લોકડાઉનના સમયમાં સૌ ભક્તોએ જે ભાવથી કથા-વાર્તા, કીર્તન-સેવા અને જપયજ્ઞ, સંતસમાગમ તથા પારાયણ આદિમાં જોડાઈ, પ્રભુકેન્દ્રી, ગુરુમુખી જીવવા ભક્તિ કરી તે સૌની ભક્તિને બિરદાવી રાજીપો વરસાવ્યો. પરંતુ, આ પૂર્ણાહુતિ નથી તેમ જણાવ્યું અને ભક્તોને દિવ્ય, નિર્દોષ માનવાની ભક્તિ અદા કરવા આ નવા દિવ્યયુગના આરંભે આજ્ઞા કરી.

ત્યારબાદ સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને જણાવ્યું કે, 'નવયુગમાં ભક્તોને દિવ્ય માની, સૌમાં પ્રભુનાં દર્શન કરી તે ભાવે તેઓ સાથે વ્યવહાર કરવાની અને સૌના દાસ બનવાની સાહેબદાદાએ જે આજ્ઞા કરી, તે આપણે સૌ ભેગા મળીને પાળીએ અને આ ગુરુપૂર્ણિમાએ ગુરુભક્તિ અદા કરીએ. તેમની રુચિ, અભિપ્રાય સમજી સાચો અર્ઘ્ય અર્પણ કરીએ.' અમેરિકાના ભક્તો રાત્રિના ૩ વાગ્યા સુધી જોડાયેલા રહ્યા તે વાત કરતાં પૂ. અશ્વિનદાદાની આંખે અશ્રુ ઉભરાયાં ને સૌનો આભાર માન્યો. સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાએ પણ સૌ ભક્તોને દિવ્યભાવ, નિર્દોષભાવ દઢ થાય, સૌના દાસ થવાય તેવાં બળ દેવા સાહેબદાદાના શ્રી ચરણે પ્રાર્થનાઓ ધરી. અંતરનાં ચક્ષુથી ગુરુનાં દિવ્ય દર્શન હરપળ કરીએ, સૌમાં અને સૌ પરિસ્થિતિમાં કરીએ તેવી પ્રાર્થના પણ તેઓએ કરી. અદ્ભુત મંગલ આશીર્વાદ અને માહાત્મ્યથી સભર આ પર્વની ઉજવણીનો સૌએ ખૂબ આનંદ માણ્યો. ◆

## હિંડોળા ઉત્સવ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર નવનિર્મિત મંદિરજીમાં તેમજ પારમિતા સભાખંડમાં સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સંતો-યુવાનોએ કલાત્મક હિંડોળા સજાવી ભક્તિ અદા કરી. નૂતન મંદિરે નીચેના મજલે પુષ્પવાટિકા તૈયાર કરી સાધુ પૂ. રમેશદાસજીનાં માર્ગદર્શન અનુસાર સુશોભન ટીમે હિંડોળા તૈયાર કરી તેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન અને સંતભગવંત સાહેબજીને બિરાજમાન કર્યા.

પારમિતા મંદિરે સાધુ પૂ. પરેશદાસ અને સાધુ પૂ. યજ્ઞેશદાસજીનાં માર્ગદર્શન અનુસાર ગુરુસભાના યુવાનો દ્વારા 'નવયુગ ઉદય હિંડોર' પ્રસ્તુત કરાયો. સંતભગવંત સાહેબજી જણાવે છે તે મુજબ દિવ્ય ભક્તિયુગનો આરંભ થયો છે. ડિજિટલ માધ્યમથી વિશ્વસમસ્તમાં ભગવાનના આશ્રિતજનો કથાવાર્તા, કીર્તન, સેવા, જપયજ્ઞ આદિમાં પ્રવૃત્ત રહે છે. આવા ભક્તોની ભક્તિને પરિણામે ઉત્પન્ન થયેલ તાકાતથી કોરોના વાઇરસ સૂર્યલોકમાં જઈ ભસ્મિભૂત થશે તે વાતને કલાત્મકતાથી આ હિંડોળામાં પ્રસ્તુત કરાઈ. ભક્તિ કરવામાં સરળતમ રીતે સર્વશ્રેષ્ઠ ઉપયોગી બન્યું તેવું ઉપકરણ એટલે કે સ્માર્ટફોનને હિંડોળા સ્વરૂપે પ્રસ્તુત કરાયો, જેમાં શ્રી ઠાકોરજી, ગુણાતીત સ્વરૂપો અને સંતભગવંત સાહેબજીને બિરાજમાન કરવામાં આવ્યાં. સૌને ભગવદ્ ભક્તિ કરવામાં બળ મળે તેવા ભાવ સાથે પ્રસ્તુત હિંડોળા દ્વારા સંતભગવંત સાહેબજીને રાજી કરવાના ઉમંગ સૌ સેવકોએ ધર્યા.

આવા જ ભાવથી અનુપમ મિશનનાં દેશનાં કેન્દ્રો મુંબઈ, સુરત, વેમાર, અમદાવાદ, માણાવદર તથા વિદેશનાં કેન્દ્રો ઍલનટાઉન-અમેરિકા, ડૅન્હમ-યુ.કે.માં પણ સંતોનાં માર્ગદર્શને ભક્તો દ્વારા હિંડોળાભક્તિ અર્પણ થઈ. ◆

## પધરામણીની ઘડીઓ રળિયામણી

કોરોના વાઇરસથી ફેલાયેલ મહામારીના પગલે ભારતમાં સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર થયા બાદ સંતભગવંત સાહેબજીએ નિજ આવાસ 'ઉપાસના'માં નિવાસ કરીને સમગ્ર જૂન માસ દરમિયાન સૌનાં આત્મિક કલ્યાણ માટે ધૂન, ભજન અને પ્રાર્થનાઓ કરી. વિવિધ મંડળોના ભક્તોની પ્રાર્થના સ્વીકારી મહાપૂજામાં, ફૉનસભામાં તથા માણાવદર મંદિર પાટોત્સવ પર્વે અને ગુરુપૂર્ણિમાના પાવન પર્વે આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ જૂન, ગુરુવાર...** જમણી આંખમાં મોતિયાની સર્જરી કરાવવા માટે અમદાવાદમાં ડૉ. સંજયભાઈ ગાંધીની હૉસ્પિટલમાં પધાર્યા. બપોરે દિવ્યેશભાઈ-અમીબહેનના ઘરે પધાર્યા. સાંજે ઉપાસનાધામ મંદિરે દર્શન કરી રાત્રે બ્રહ્મજ્યોતિ પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં.

**૨૨ જૂન, સોમવાર...** ડાબી આંખમાં મોતિયાની સર્જરી કરાવવા માટે અમદાવાદમાં ડૉ. સંજયભાઈ ગાંધીની હોસ્પિટલમાં પધાર્યા. બપોરે બોપલ 'યુનિટી'માં નરસીદાસ, ધનજીમામાના ઘરે પધાર્યા. સૌને સભામાં આનંદ કરાવી રથયાત્રાની પૂર્વ સંધ્યાએ ઉપાસનાધામ મંદિરે સદ્ગુરુ પૂ. અશ્વિનદાદાના તિથિ મુજબના ૭૯મા પ્રાગટ્ય પર્વે યોજેલ સભામાં પધારી ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવી રાત્રે બ્રહ્મજ્યોતિ, મોગરી પરત પધાર્યા. ◆




માણાવદર સ્થિત પ્રાસાદિક અક્ષરદેરીમાં શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન તથા મંત્રપુષ્પાંજલિ અર્પણ




માણાવદરમાં સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદા દ્વારા પાટોત્સવ આરતી અર્પણ... અન્નકૂટ દર્શન તથા મંગલ આશીર્દાન





અક્ષરદેરી, માણાવદરના પાટોત્સવ પ્રસંગે પારમિતા મંદિરથી સદ્‌ગુરુ શાંતિદાદાનાં માર્ગદર્શન મુજબ પાટોત્સવવિધિમાં રત સંતો તથા સાહેબજીનાં આશીર્દાન





બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના પ્રાગટ્યદિને યોજિત ડિજિટલ કૉન્ફરન્સ સભામાં સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા અને પૂ. રતિકાકાનાં આશીર્દાન



ગુરુપૂર્ણિમાના પાવન પર્વે અનુપમ મિશન પરિવારના સર્વે સંતો, અક્ષરમુક્તો વતી સાધુ પૂ. દિલીપદાસજી દ્વારા શ્રી ઠાકોરજી, ગુણાતીત સ્વરૂપો તથા શ્રીહરિ પાદુકાનાં પૂજન



ગુરુહરિ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાનાં ભાવપૂજન




સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા પૂ. હર્ષદદાદાનાં ભાવપૂજન... દેશ-વિદેશનાં ભક્તો દ્વારા ગુરુ-માહાત્મ્યદર્શન...



ગુરુપૂર્ણિમા માહાત્મ્યદર્શન સભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, ગુરુહરિ સંતભગવંત સાહેજી અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં દિવ્ય આશીર્દાનની પવિત્રવર્ષા

**Regd. News Paper / Air Mail / Book Post** **To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-7-20 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**